તેજી હોય કે પછી મંદી
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી ઇકોનોમિક રેવલ્યૂશન
ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા
આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું
ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Monday
20.05.2024
Year 12, Issue 128

દૈનિક

● વર્ષ : ૧૨ ● અંક : ૧૨૮ ● તા.૨૦.૦૫.૨૦૨૪ ● સોમવાર ● આદ્ય સહતંત્રી : સ્વ. દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 12 ● Issue : 128 ● Date : 20.05.2024 ● Monday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387

### સઘન બંદોબસ્ત વચ્ચે ૪૯ બેઠકો પર ૬૯૫ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં ઉતરશે


# લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કાનું મતદાન આજે થશે

### રાજનાથ સિંહ, રાહુલ ગાંધી, સ્મૃતિ ઈરાની, પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સહિત ઘણાં હાઈ-પ્રોફાઈલ ચહેરાનો સમાવેશ થાય છે

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૧૯

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી અત્યાર સુધીમાં ચાર તબક્કાનું મતદાન થઈ ચૂક્યું છે. અને પાંચમા તબક્કાનું મતદાન સોમવાર (૨૦મી મે)એ થવાનું છે. ત્યારે ચૂંટણી પ્રચારના પડઘમ શનિવારે શાંત થઈ ગયા છે. પાંચમા તબક્કામાં જે ઉમેદવારોનું ભાવિ દાવ પર છે તેમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ, પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સહિત ઘણા હાઈ-પ્રોફાઈલ ચહેરાઓનો સમાવેશ થાય છે. લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં સાત તબક્કામાંથી ચાર તબક્કાનું મતદાન થઈ ગયું છે અને હવે ત્રણ તબક્કાનું મતદાન બાકી છે ત્યારે હવે પાંચમા તબક્કાનું મતદાન આવતીકાલે એટલે કે સોમવારે (૨૦મેએ) થવાનું છે. જેમાં આઠ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૪૯ બેઠકો માટે મતદાન થશે. આ રાજ્યોમાંથી ૬૯૫



ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

ઉત્તર પ્રદેશની લખનઉ લોકસભા બેઠક આ ચૂંટણીમાં લોકપ્રિય બેઠક બની રહી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહ અહીંથી ચૂંટણી લડી રહ્યા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના રાજનાથ સિંહે આ બેઠક જીતી હતી. ૨૦૧૯માં આ બેઠક પર ૫૪.૭૮ ટકા મતદાન નોંધાયું હતું. સમાજવાદી પાર્ટી (SP)એ રવિદાસ મેહરોત્રાને જ્યારે બહુજન સમાજ પાર્ટી (BSP)એ સરવર મલિકને પોતાનો ઉમેદવાર બનાવ્યા છે.

ઉત્તર પ્રદેશમાં રાયબરેલી લોકસભા બેઠક સૌથી ચર્ચિત બેઠકોમાંથી એક છે. રાજ્યની આ એકમાત્ર બેઠક છે જ્યાં ૨૦૧૯માં કોંગ્રેસ જીતી હતી. ત્યારે સોનિયા ગાંધી અહીંથી જીતીને લોકસભામાં પહોંચ્યા હતા. સોનિયા હવે રાજ્યસભામાં ચૂંટાઈ આવ્યા છે. લાંબી રાહ જોયા બાદ કોંગ્રેસે રાયબરેલીથી રાહુલ ગાંધીને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે અહીં દિનેશ પ્રતાપ સિંહને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. MLC દિનેશ પ્રતાપ હાલમાં યોગી સરકારમાં મંત્રી છે. ૨૦૧૯માં કોંગ્રેસના સોનિયા ગાંધીએ રાયબરેલી બેઠક પર ભાજપના દિનેશ પ્રતાપને હરાવ્યા હતા. ગત ચૂંટણીમાં અહીં ૫૪.૦૮ ટકા મતદાન થયું હતું.

કેન્દ્રીય મંત્રી અને અમેઠીના હાલના સાંસદ સ્મૃતિ ઈરાની ફરી એકવાર અહીંથી ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. નોમિનેશનના છેલ્લા દિવસે કોંગ્રેસે ગાંધી પરિવારના નજીકના કેએલ શર્માને આ બેઠક પર ઉમેદવાર જાહેર કર્યા હતા. બસપાએ અહીં નન્હે સિંહ ચૌહાણને પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે. ૨૦૧૯માં ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઈરાનીએ તત્કાલિન કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને હરાવ્યા હતા. છેલ્લી ચૂંટણીમાં અહીં ૫૪.૦૮ ટકા લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

બિહારની હાજીપુર લોકસભા બેઠક આ ચૂંટણીની લોકપ્રિય બેઠકોમાંથી એક છે. અહીંથી LJP (R)ના ચિરાગ પાસવાન NDA તરફથી ચૂંટણી લડી રહ્યા છે. આરજેડીએ હાજીપુર બેઠક પર શિવચંદ્ર રામને ટિકિટ આપી છે. શિવચંદ્ર બિહાર સરકારમાં ધારાસભ્ય અને મંત્રી રહી ચૂક્યા છે.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એલજેપીના પશુપતિ પારસે હાજીપુર બેઠક પરથી જીત મેળવી હતી. ગત ચૂંટણીમાં અહીં ૫૫.૨૬ ટકા મતદાન થયું હતું. કાશ્મીરની ખીણમાં પહાડો પર બરફ પડી રહ્યો હોવા છતાં અહીં રાજકીય ગરમાવો છે.

પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા કાશ્મીરની બારામુલા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે, જેના કારણે આ બેઠક ખાસ બની ગઈ છે.

ઓમરનો સામનો મહેબૂબા મુફતીની પાર્ટી પીડીપીના ફૈયાઝ અહેમદ સામે છે. ગત ચૂંટણીમાં આ બેઠક નેશનલ કોન્ફરન્સના અકબર લોને જીતી હતી. ૨૦૧૯ની ચૂંટણીમાં અહીં ૩૪.૬ ટકા મતદાન નોંધાયું હતું.

ઓનલાઈન ડેટિંગ હંમેશાથી જોખમી સાબિત થઈ છે. કેટલાક લોકો માટે આ મજેદાર હોય છે તો કેટલાકને લાઈફ પાર્ટનર પણ મળી જાય છે. પરંતુ એક મહિલા સાથે ગજબ બન્યું. ડેટિંગ એપ પર એક યુવક સાથે મુલાકાત થઈ. કલાકો સુધી બંને વચ્ચે વાતચીત થતી. અને જોતજોતામાં તો બંને એકબીજાના પ્રેમમાં પડી ગયા. મહિલાએ બોયફ્રેન્ડને મળવા માટેની ઈચ્છા જતાવી અને મળવા માટે ૧૫૦૦ માઈલ દૂર સુધી પહોંચી.પરંતુ, ફ્લાઈટમાંથી ઉતરતાની સાથે એવું બન્યું કે તેના પગ તળેથી જમીન સરકી ગઈ.

મિરરના રિપોર્ટ અનુસાર, અમેરિકાના ઈન્ડિયાનાની રહેવાસી જાસ્મીન ટ્રિગ્સ જમાલને ડેટિંગ એપ પર મળી હતી. બંનેએ આખું અઠવાડિયું વાત કરી. જમાલ ટેક્સાસમાં રહેતો હતો. એક દિવસ તેણે જાસ્મીનને ડેટ માટે બોલાવી. બેંકિંગ સેક્ટરમાં કામ કરતી ૨૩ વર્ષીય જાસ્મીને પ્લેનની ટિકિટ બુક કરાવી અને તેના પ્રેમીને મળવા નીકળી



પડી.પરંતુ જ્યારે તે ફ્લાઈટમાં હતી ત્યારે તેને ખબર પડી કે, જમાલે તેનો નંબર બ્લોક કરી દીધો છે. જાસ્મીન એરપોર્ટ પર ઉતરી અને ફસાઈ ગઈ. કારણ કે જમાલે વાયદો કર્યો હતો કે, જવા માટેની ટિકિટ તેણે બુક કરાવી છે, જેથી જાસ્મીને રિટર્ન ટિકિન પણ ન લીધી.

જાસ્મીને કહ્યું કે, હું આ યુવક સાથે લગભગ એક અઠવાડિયા સુધી વાતચીત કરી હતી. તેણે મને ટેક્સાસ આવવા માટે કહ્યું. અમે રોજ વાત કરતા હતા. તેની લાઈફ વિશે પણ અમે વાત કરી. તેણે ક્યાંથી અભ્યાસ કર્યો, પછી તે કેવી રીતે ચીયરલીડર બન્યો અને કેવી રીતે એક દિવસ તેણે રોબોટિક્સ કંપનીમાં કામ કરવાનું શરૂ કર્યું. મને તેની તરક્કી ખૂબ ગમી. તેણે મને કહ્યું હતું કે, તે મને મળવા માટે વધુ રાહ જોઈ શકે તેમ નથી.તે મને મળવા માટે એટલો આતુર હતો કે તેણે મારા માટે લિવિંગ રૂમ પણ સાફ કર્યો.પરંતુ હવે તેનો કોઈ સંપર્ક થઈ શકતું નથી. હું દરેકને મેસેજ મોકલી શકું છું, પરંતુ તેને મેસેજ નથી મોકલી શકતી.

# J&Kમાં ફરી ત્રાસવાદી હુમલો ભૂતપૂર્વ સરપંચની હત્યા કરાઈ

એજન્સી દ્વારા

શ્રીનગર,તા.૧૯

જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય થઈ ગઈ તેવો દાવો કરવામાં આવે છે, પરંતુ કેટલીક જગ્યાએ હજુ પણ ત્રાસવાદી હુમલાની ઘટના બની રહી છે. આવા એકથી વધુ હુમલામાં ભાજપ સાથે સંકળાયેલા એક ભૂતપૂર્વ સરપંચની હત્યા કરવામાં આવી છે અને એક ટુરિસ્ટ દંપતી ઈજાગ્રસ્ત થયું છે. શોપિયાનમાં અજાઝ શેખ નામના ભૂતપૂર્વ સરપંચને ત્રાસવાદીઓએ ઠાર માર્યા છે. જ્યારે અનંતનાગમાં રાજસ્થાનથી આવેલા એક ટુરિસ્ટ કપલ પર ફાયરિંગ થયું છે. આ ઘટનામાં દંપતીને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. ૨૦મે એ જમ્મુ અને કાશ્મીરમાં બારામુલ્લા લોકસભા બેઠક માટે વોટિંગ થવાનું છે ત્યારે આ ત્રાસવાદી ઘટનાઓ બની છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે ટ્વિટર પર લખ્યું છે કે ટુરિસ્ટ પર કોઈના દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું જેમાં એક મહિલાને ઈજા થઈ હતી. ફરહા નામની મહિલા જયપુરની વતની છે અને તેની સાથે તેનો પતિ તબરેસ પણ હતો. તેમના પર અનંતનાગમાં આ હુમલો થયો છે. તેમને સારવાર માટે એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ આખો એરિયા કોર્ડન કરી લેવામાં આવ્યો છે અને વધુ વિગતો મેળવવામાં આવી રહી છે.

પહેલો હુમલો થયા પછી અડધા કલાકમાં જ બીજો હુમલો થયો હતો જેમાં ભૂતપૂર્વ સરપંચ ઐજાઝ શેખની હત્યા કરવામાં આવી છે. ઐજાઝ શેખ ભાજપ સાથે જોડાયેલા હતા અને શોપિયાનના હિરપોરામાં તેમના પર ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. ભાજપે પોતાના નિવેદનમાં જણાવ્યું કે ઐજાઝ શેખ તેમની પાર્ટીના બહુ બહાદુર આગેવાન હતા અને ભાજપ તેના પરિવારની પડખે ઉભો રહેશે.

જમ્મુ અને કાશ્મીરમાં અનંતનાગ રાજૌરી બેઠક માટે પ્રચાર ચાલી રહ્યું છે ત્યારે આ બે હુમલા થયા છે. કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ મહેબુબા મુફતી, ફારુખ અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લાએ આ હુમલાની ટીકા કરી છે. મહેબુબા મુફતી અનંતનાગથી ચૂંટણી લડી રહ્યા છે જ્યારે નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લા બારામુલ્લાથી ચૂંટણી લડી રહ્યા છે.

મહેબુબા મુફતીએ ટ્વિટર પર કહ્યું કે આ હુમલો જે સમયે થયો તે ચિંતા પેદા કરે છે. તેનું ટાઈમિંગ બહુ ચિંતાજનક છે ખાસ કરીને જ્યારે ભારત સરકાર દ્વારા અહીં બધું સામાન્ય હોવાનો દાવો કરવામાં આવે છે ત્યારે આ ચિંતા પેદા કરે છે. આ કેન્દ્રશાસિત પ્રદેશમાં પાંચ લોકસભા બેઠકો છે જેમાંથી બે જમ્મુમાં અને ત્રણ કાશ્મીરમાં છે. જમ્મુમાં બે બેઠકો પર ૧૯ અને ૨૬ એપ્રિલે વોટિંગ થઈ ગયું છે જ્યારે શ્રીનગરમાં ૧૩મેએ વોટિંગ થયું હતું. હજુ બારામુલ્લા અને અનંતનાગમાં વોટિંગ બાકી છે જે પાંચમા અને છઠ્ઠા તબક્કામાં થશે.

### બચાવ માટે ટીમો મોકલવામાં આવી

# ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસીનું હેલિકોપ્ટર દુર્ઘટનાનો ભોગ બન્યું

એજન્સી દ્વારા

તેહરાન, તા.૧૯

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસીના હેલિકોપ્ટરને હાર્ડ લેન્ડિંગ કરવું પડ્યું. બચાવ માટે ટીમો મોકલવામાં આવી છે. કેસમાં હજુ સુધી સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ નથી. ઈરાનના રાષ્ટ્રપતિને લઈ જતા હેલિકોપ્ટરની ઘટના અહેવાલો દર્શાવે છે કે ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસીને લઈ જઈ રહેલા હેલિકોપ્ટરને પૂર્વ અઝરબૈજાનમાં અકસ્માત થયો છે.જો કે, આ હેલિકોપ્ટરમાં સવાર રાષ્ટ્રપતિના કેટલાક સાથીઓ કેન્દ્રીય મુખ્યાલયનો સંપર્ક કરી શક્યા હતા, જેથી એવી આશા જાગી છે કે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આ કાફલામાં ત્રણ હેલિકોપ્ટર હતા, જેમાંથી બેમાં મંત્રીઓ અને અધિકારીઓ હતા અને તેઓ સુરક્ષિત રીતે તેમના ગંતવ્ય સ્થાને પહોંચ્યા હતા. કથિત રીતે રાષ્ટ્રપતિ સાથે હેલિકોપ્ટરમાં સૈયદ મોહમ્મદ-અલી અલ-હાશેમ, તબરીઝની શુક્રવારની પ્રાર્થનાના ઈમામ અને વિદેશ પ્રધાન હોસૈન અમીરાબ્દુલ્લાહિયન પણ હતા.

ઈરાની મીડિયા અનુસાર, રાજધાની તેહરાનથી ઉત્તર-પશ્ચિમમાં લગભગ ૬૦૦ કિલોમીટર (૩૭૫ માઈલ) દૂર અઝરબૈજાનની સરહદ પર સ્થિત જોલ્ફા શહેરની નજીક આ અકસ્માત થયો હતો.

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાઈસી રવિવારે અઝરબૈજાનમાં એક ડેમનું ઉદ્ઘાટન કરવા રાષ્ટ્રપતિ ઈલ્હામ અલીયેવ સાથે હતા. આ ત્રીજો ડેમ છે જે બંને દેશોએ આરસ નદી પર બાંધ્યો છે.

ઈરાન દેશમાં વિવિધ પ્રકારના હેલિકોપ્ટર ઉડે છે, પરંતુ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને કારણે ઈસ્લામિક દેશ માટે આ હેલિકોપ્ટરના પાર્ટ્સ મેળવવા મુશ્કેલ બની જાય છે. તેનો લશ્કરી હવાઈ કાફલો પણ મોટાભાગે ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિની પહેલાનો છે.

### બંને સ્પીચ આપ્યા વગર જતા રહ્યા

# રાહુલ ગાંધી, અખિલેશની રેલીમાં ભારે હંગામો થયો

એજન્સી દ્વારા

પ્રયાગરાજ, તા.૧૯

ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવની રેલીમાં આજે ભારે હંગામો થયો હતો જેના કારણે સ્થિતિ એવી પેદા થઈ કે બંને નેતાઓ ભાષણ આપ્યા વગર જ જતા રહ્યા હતા. રેલીમાં આજે ભયંકર ભીડ થઈ હતી જેના કારણે લોકોના ધક્કામાં બેરિકેડ તૂટી ગયા હતા અને લોકો બેકાબૂ બની ગયા હતા. રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ રેલીને સંબોધવાના હતા, પરંતુ તેઓ પોતાની સ્પીચ આપ્યા વગર જ રવાના થઈ ગયા હતા. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જિલ્લાના ફૂલપુરમાં રેલી વખતે આ ઘટના બની હતી. લોકોની મોટી ભીડ સભાને સાંભળવા આવી હતી જે દરમિયાન લોકોએ રાહુલ ગાંધી અને અખિલેશ નજીક પહોંચવા માટે પ્રયાસ કર્યો હતો અને ટોળું અનિયંત્રિત થઈ ગયું હતું. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી દ્વારા સંયુક્ત રેલી યોજવામાં આવી જેમાં હંગામો થવાના કારણે કોઈ સ્પીચ જ આપી શક્યું ન હતું.

સૂત્રોએ જણાવ્યું કે રેલીના સ્થળે અંધાધૂંધીની સ્થિતિ સર્જાઈ હતી. હજારો લોકો આગળ વધતા જતા હતા અને પોલીસે જ્યારે તેમને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમણે બેરિકેડ તોડી નાખ્યા હતા. પ્રયાગરાજ જિલ્લામાં સંસદની બે બેઠકો આવે છે - ફુલપુર અને અલ્હાબાદ. ફુલપુરની સભામાં આ ધાંધલ થઈ હતી જેના કારણે રાહુલ ગાંધી અને અખિલેશ ત્યાંથી ભાષણ આપ્યા વગર જ જતા રહ્યા હતા. ત્યાર પછી તેઓ અલ્હાબાદ સંસદીય ક્ષેત્રના મુંગારી ખાતે પહોંચ્યા હતા અને ત્યાં સભા સંબોધી હતી.

રાહુલ ગાંધીએ આજે પોતાની સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટાર્ગેટ કરતા કહ્યું કે વડાપ્રધાન મોદીની આગેવાની હેઠળ દેશમાં માત્ર ૨૨ લોકો અબજોપતિ બન્યા છે. પંરતુ ઈન્ડિયા બ્લોકની સરકાર આવશે ત્યારે તેઓ કરોડો લોકોને લાખોપતિ બનાવશે. તેમણે અલ્હાબાદની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ઉજજ્વલ રમણ માટે પ્રચાર કર્યો હતો. તેમણે કહ્યું કે દેશમાં તમામ ગરીબોની યાદી બનાવવામાં આવશે અને દરેક ગરીબ પરિવારમાંથી એક મહિલાનું નામ પસંદ કરવામાં આવશે. ત્યાર પછી કરોડો મહિલાઓના બેંક ખાતામાં દર વર્ષે એક લાખ રૂપિયા એટલે કે દર મહિને ૮૫૦૦ રૂપિયા જમા કરાવવામાં આવશે.તેમણે દાવો કર્યો કે અમે દેશના ખેડૂતોને અનાજ, બટાટા, શેરડી અને કપાસ માટે લઘુતમ ટેકાનો આપીશું. તેમણે ખેડૂતોની લોન માફ કરી દેવાની પણ વાત કરી છે.

### ગર્ભવતી થઈ તો માતાએ પુત્રોની કરાવી ધરપકડ

# બે ભાઈ સગીર બહેન સાથે વર્ષથી ગેંગરેપ કરી રહ્યા હતા

એજન્સી દ્વારા

ગાઝિયાબાદ, તા.૧૯

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં પોલીસે બે ભાઈઓની ધરપકડ કરી લીધી છે. આરોપ છે કે બંનેએ પોતાની બહેન સાથે ગેંગરેપ કર્યો. ગત એક વર્ષથી સતત તે તરૂણ બહેનની સાથે કુકર્મ આચરી રહ્યા હતા. માતા પિતાને આ વાતની ખબર ત્યારે પડી જ્યારે છોકરી પ્રેગ્નેંટ થઈ. હવે માતા પિતાએ પોતાના પુત્રો વિરૂદ્ધ કેસ દાખલ કરાવીને તેમની ધરપકડ કરી છે. બંને આરોપી ભાઈઓ તરૂણ છે.

કેસ સાહિબાબાદ સ્થિત ટીલામોડ પોલીસમથકનો છે. અહીંબે ભાઈ એક વર્ષથી પોતાની ૧૩ વર્ષની બહેન સાથે ગેંગરેપ કરી રહ્યા હતા.

એક દિવસ અચાનક છોકરીની તબિયત બગડી. તેને હોસ્પિટલ લઈ જવામાં આવી. તે કહી રહી હતી કે તેને પેટમાં દુખે છે. ડોક્ટરે અલ્ટ્રાસાઉન્ડ કર્યું તો ખબર પડી કે છોકરી ૨૨ અઠવાડિયાથી પ્રેગ્નેંટ છે. આ સાંભળતા જ માતા પિતાના હોશ ઉડી ગયા. તેમણે પુત્રીને આ વિશે પૂછ્યું તો તે રડવા લાગી. તેણે કહ્યું કે બંને ભાઈ એક વર્ષથી મારી સાથે ખોટી હરકત કરી રહ્યા હતા. મેં ના પાડી હતી તો તે મને ધમકાવતા હતા. પુત્રીની વાત સાંભળીને માતાએ તાત્કાલિક પુત્રને ફોન લગાવ્યો. તેમને આ વિશે પૂછ્યું. પહેલાં બંને ભાઈ ટાળતા રહ્યા. પરંતુ પછી જ્યારે માતાએ જણાવ્યું કે તેમની બહેન પ્રેગ્નેંટ થઈ ગઈ છે.

બંને ભાઈ ડરી ગયા. તેમણે માતા સમક્ષ સ્વિકાર્યું કે તે જ બહેન સાથે હરકત કરતા હતા. ત્યારબાદ માતાએ બંને પુત્રો વિરૂદ્ધ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી.

# અજિત-પાટિલ-તટકરે શિંદે સાથે કામ કરવા નહોતા માંગતા

એજન્સી દ્વારા

મુંબઈ, તા.૧૯

લોકસભા ચૂંટણીના ધમધમાટ વચ્ચે શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે એકનાથ શિંદેના મુખ્યમંત્રી પદ મુદ્દે ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો છે. રાઉતે દાવો કર્યો છે કે, વર્તમાન સરકારમાં સામેલ ભાજપ-એનસીપીના દેવેન્દ્ર ફડણવીસ, અજિત પવાર સહિતના ઘણા નેતાઓ ૨૦૧૯માં એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવા નહોતા ઈચ્છતા.ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે મીડિયા સમક્ષ એવો પણ દાવો કર્યો છે કે, અજિત પવાર, દિલીપ વલસે પાટિલ અને સુનીલ તટકરે જેવા એનસીપી નેતાઓએ એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવાનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, તેઓ શિંદે જેવા જુનિયર અને બિનઅનુભવી વ્યક્તિ સાથે રહી કામ નહીં કરે.'તેમણે વધુમાં કહ્યું કે, 'કોંગ્રેસ અને એનસીપીએ કહ્યું હતું કે, અમારી પાસે ઘણા વરિષ્ઠ નેતાઓ છે.

ગઠબંધનનો નેતા એવો હોવો જોઈએ, જે અનુભવી, વરિષ્ઠ અને સૌને સાથે લઈને ચાલે. બીજીતરફ શિવસેનાએ સરકાર બનાવવા માટે મહા વિકાસ અઘાડી ગઠબંધન હેઠળ કોંગ્રેસ અને એનસીપી સાથે હાથ મિલાવ્યા હતા.

### હોર્ડિંગ્સમાં માત્ર એક જ ચહેરો દેખાય છે : અખિલેશ

# ભાજપનો દરેક શબ્દ અને વચન ખોટા છે : સપા પ્રમુખ

લખનૌ, તા.૧૯

લોકસભા ચૂંટણીને લઈ આવતીકાલે પાંચમાં તબક્કાનું મતદાન યોજાનાર છે. જેમાં ઉત્તર પ્રદેશની ૧૪ બેઠકો પર પાંચમા તબક્કાનું મતદાન થવાનું છે. જ્યારે ૪ જૂને મતગણતરી હાથ ધરાશે. આ બધાની વચ્ચે સમાજવાદીના પ્રમુખ અખિલેશ યાદવે ભાજપ પર પ્રહાર કર્યા છે. વાત જાણે એમ છે કે, સપા પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે, ભાજપનો દરેક શબ્દ અને વચન ખોટા છે. તેમણે કહ્યું હતું કે, ખેડૂતોની આવક બમણી થશે. યુવાનોને નોકરી મળશે. પરંતુ કંઈ મળ્યું ન હતું.

અખિલેશ યાદવે કહ્યું કે, ભાજપ સરકારે જાણી જોઈને પેપરો લીક કર્યા જેથી તેમને નોકરી ન આપવી પડે. તેમણે કહ્યું કે, ઉત્તર પ્રદેશમાં દર વખતે પેપર લીક થાય છે. ભાજપના નેતાઓ ચૂંટણી પ્રચાર દરમિયાન યુવાનોના ભવિષ્ય વિશે પણ વાત કરતા નથી. આ સાથે અખિલેશે કહ્યું કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં તેમણે ભૂલો કરી હતી અને તેમાંથી શીખીને આ વખતે તેમને સુધારી છે. તેમણે કહ્યું કે, PDAનું સ્લોગન INDIA ગઠબંધનને જીત અપાવશે.અખિલેશે કહ્યું કે, PDAનો અર્થ માત્ર એક વસ્તુ નથી. PDA એટલે પછાત દલિત લઘુમતી, પછાત દલિત આદિવાસી અને પીડિત દલિતો મોખરે છે. સપા પ્રમુખે કહ્યું કે, આ વખતે PDA પરિવાર ભાજપને પાઠ ભણાવશે અને તેમને સત્તા પરથી હટાવવા જઈ રહ્યો છે. અખિલેશે કહ્યું કે, હું જ્યારે મંદિરમાં જાઉં છું ત્યારે મંદિર ધોવાય છે. આજના સમયમાં આ પ્રકારની વિચારસરણી દેશને ક્યાં લઈ જશે? આ રીતે ભારત વિશ્વ લીડર બની શકશે.

નિર્મલ મેટ્રો

### તંત્રીની કલમે....

લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC) એ બુધવારે શેરબજારને માહિતી આપી હતી કે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ તેને ૧૦ ટકા પબ્લિક શેરહોલ્ડિંગની જરૂરિયાત પૂરી કરવા માટે વધુ ત્રણ વર્ષનો સમય આપ્યો છે. હવે તેણે તેને ૧૬ મે, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું છે. સરકારને અપેક્ષા છે કે ૧ લાખ કરોડ રૂપિયાથી વધુનું માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવતી કંપનીઓ પાંચ વર્ષમાં ૨૫ ટકા પબ્લિક શેરહોલ્ડિંગની વ્યવસ્થા કરશે.

જો કે, જો આપણે LIC વિશે વાત કરીએ, તો તે ૧૦ વર્ષથી થઈ ચૂક્યું છે. જ્યારે LICના શેરોએ આ એક્સ્ટેંશનની જાહેરાત પર સકારાત્મક પ્રતિક્રિયા આપી હતી, ત્યારે આનાથી સાવચેત રહેવાની જરૂર હતી. આવા પગલાં બજાર નિયમનકાર અને સરકાર બંનેની વિશ્વસનીયતાને અસર કરે છે. આર્થિક સુધારણા પછીના સમયગાળામાં દેશની નીતિની સ્થાપનાની એક મોટી નબળાઈ સારી પહેલને ટકાવી રાખવામાં તેની અસમર્થતા છે. ડિસઈન્વેસ્ટમેન્ટ પ્રોગ્રામ પણ આવું જ એક ઉદાહરણ છે. મૂળભૂત વિચાર એ હતો કે જાહેર ક્ષેત્રના સાહસોમાં હિસ્સો વેચવાથી અથવા તેમનું સંપૂર્ણ ખાનગીકરણ કરવાથી તેમની કામગીરીમાં સુધારો થશે અને સરકારને સંસાધનો વધારવામાં પણ મદદ મળશે. સેબીના પબ્લિક શેરહોલ્ડિંગ ધોરણોનો હેતુ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ લિક્વિડિટી અને તેમના માટે વધુ સારા મૂલ્યાંકન શોધવાનો હતો.

જોકે, LICના કિસ્સામાં, ડિસઈન્વેસ્ટમેન્ટ અને પબ્લિક શેરહોલ્ડિંગના બંને સિદ્ધાંતો સાથે ચેડા કરવામાં આવ્યા હતા. LIC લગભગ બે વર્ષ પહેલા એટલે કે મે ૨૦૨૨માં લિસ્ટેડ થઈ હતી અને તેના ૩.૫ ટકા હિસ્સાનું ખાનગીકરણ કરવામાં આવ્યું હતું. એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે ભવિષ્યમાં સરકાર વધુ હિસ્સો વેચશે અને સૂચિબદ્ધ ધોરણો હાંસલ કરશે. જો કે, હજુ સુધી આ બન્યું નથી. સરકારની અનિચ્છાનું એક કારણ એલઆઈસીના શેરનું પ્રદર્શન છે. શેર દીઠ રૂ. ૯૪૯ના ભાવે જારી કર્યા પછી, માર્ચ ૨૦૨૩માં તે ઘટીને રૂ. ૫૪૦ પ્રતિ શેર પર આવી ગયો. આવી સ્થિતિમાં, જો પછીથી ફરીથી જાહેર ભરણું કરવામાં આવ્યું હોત, તો તેની કિંમત ઘણી ઓછી થઈ હોત.વાસ્તવમાં, બજારમાં વધુ શેર આવવાની અપેક્ષા ભાવને વધુ ઘટાડા તરફ દોરી શકે છે. પરંતુ તેનો અર્થ એ પણ થઈ શકે છે કે પ્રારંભિક ઓફરને વધુ અનુકૂળ કિંમત મળી છે. આંચકા પછી સ્ટોક પુનઃપ્રાપ્ત થયો હોવાથી, સરકાર જાહેર શેરહોલ્ડિંગના ધોરણનું પાલન કરવા માટે તેના શેર વેચી શકે છે. LIC ની રૂ. ૬ લાખ કરોડથી વધુની કુલ માર્કેટ મૂડીને જોતાં, સરકાર તેના મૂડી ખર્ચ કાર્યક્રમ માટે નોંધપાત્ર રકમ ઊભી કરી શકી હોત અને તેની રાજકોષીય ખાધ ઘટાડી શકી હોત. પરંતુ આ કરવામાં આવ્યું ન હતું. કદાચ સરકારી બાંયધરી હોવાને કારણે એલઆઈસીને વિશ્વાસ હતો કે તેને નિયમનકારી રાહત મળશે. જો કે, કિંમતમાં ઘટાડા અને સંભવિત રાજકીય અનિવાર્યતાઓ ઉપરાંત, આવી ઘટનાઓ એવા દાખલાઓ સ્થાપિત કરે છે જેને ટાળવું જોઈએ. નોંધનીય છે કે એલઆઈસી કોઈ અનોખો કેસ નથી. માર્કેટ ડેટા દર્શાવે છે કે જાહેર ક્ષેત્રની બેંકો સહિત ૨૦ થી વધુ લિસ્ટેડ કંપનીઓ છે, જ્યાં સરકારનો હિસ્સો ૭૫ ટકાથી વધુ છે. ૧૨ કંપનીઓમાં સરકારનો ૯૦ ટકાથી વધુ હિસ્સો છે. સંપૂર્ણ આર્થિક પરિપ્રેક્ષ્યમાં, તે સમજવું મુશ્કેલ છે કે શા માટે સરકાર તેની રાજકોષીય ખાધ ઊંચી હોય અને તે મૂડી ખર્ચમાં વધારો કરવા માંગે છે ત્યારે પણ વિનિવેશ માટે આક્રમક રીતે દબાણ નથી કરી રહી. તાજેતરના સમયમાં શેરબજારોએ પણ સહાયક ભૂમિકા ભજવી છે. આવી સ્થિતિમાં, સરકારી ઉપક્રમોમાં શેર વેચીને અને ધોરણોનું પાલન કરીને, સરકારને પૂરતા સંસાધનો મળ્યાં હોત. વધુ મહત્ત્વની વાત એ છે કે સરકારે જાહેર ક્ષેત્રના ઉપક્રમો માટે અપવાદો બનાવવાનું ટાળ્યું હોત.

# અસુરક્ષા બોધ પેદા કરતી રાજનિતી

વિશ્વના કોઈપણ લોકતંત્રની પરિપક્વતાનો માપદંડ તેની રાજનીતિમાં થનારી ચર્ચા પણ છે. રાજકીય ચર્ચાઓ ચૂંટણી સમયે વધુ પ્રભાવી બની જાય છે. હાલમાં મતદાનનાં ત્રણ ચરણ પૂરાં થયાં છે. ચૂંટણી પ્રચાર આગળ વધવાની સાથે જ રાજકીય વિષયો પર ચર્ચા વધુ સઘન બનશે. રાજકીય ચર્ચાઓમાં લોકતંત્રની ઝલક દેખાય છે. લોકતંત્રમાં રાજકીય ચર્ચાઓ બે પ્રકારની હોય છે - એક તો પ્રગતિગામી અને બીજી પારંપરિક અસ્મિતાઓની જૂથબંધી વધારનારી. જ્યારે સંસદીય ચૂંટણીઓનો પ્રચાર શરૂ થયો તો વિકાસ, ભવિષ્યના ભારતની સંકલ્પના, એક ભારત-શ્રેષ્ઠ ભારત તથા સમાજ કલ્યાણની નીતિઓને ભાજપે પોતાના રાજકીય વિમર્શનો વિષય બનાવ્યો. પાર્ટીનો ઢંઢેરો પણ આ જ બિંદુઓને લઈને ઘડવામાં આવ્યો. પાર્ટીએ પોતાના ચૂંટણી અભિયાનમાં ભવિષ્યની દૃષ્ટિએ ચર્ચા સર્જન કરવાની કોશિશ કરી. તેણે પારંપરિક વિભાજનકારી જાતીય અસ્મિતાઓને રાજકીય ચર્ચાઓમાં આવવાથી રોકવાની પણ કોશિશ કરી, પરંતુ આ દરમ્યાન કોંગ્રેસ અને તેના સહયોગી પક્ષ પોતાના ચૂંટણી પ્રચારમાં આક્રમક રીતે જાતીય જૂથબંધી કરવામાં જોડાઈ ગયા હતા. તેના માટે એક તો જાતીય જનગણનાનો લોકરંજક નારો ઉછાળવામાં આવ્યો. તેની સાથે જ બંધારણ અને અનામત પર ખતરાને પ્રચારિત કરીને એક ભયનો ભાવ પેદા કરવા લાગ્યા. એવો માહોલ બનાવવામાં આવ્યો કે જો ભાજપ આ વખતે જીતી ગઈ તો પછી ભવિષ્યમાં ક્યારેય ચૂંટણી નહીં થાય, દેશમાં અધિનાયકવાદ આવી જશે, બંધારણ બદલી નાખવામાં આવશે અને અનામત ખતમ કરી દેવામાં આવશે. આ રીતે ભાજપ દ્વારા છેડવામાં આવેલી ચર્ચાનો ભય, ચિંતાની સાંકળોથી બાંધી દેવામાં આવી.ભાજપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત પોતાના અન્ય નેતાઓ તરફથી વારંવાર એ સ્પષ્ટ કર્યું કે બંધારણ અને અનામતને નહીં અડે અને કોઈને અડવા પણ નહીં દે. કોંગ્રેસને જવાબ આપવાના ક્રમમાં ભાજપે સંપત્તિના પુનર્વિતરણનો મુદ્દો ઉછાળીને તેને નિશાના પર લેવાનું પણ શરૂ કરી દીધું. બંધારણ, લોકતંત્ર અને અનામતને ખતમ કરવાને લઈને જે આરોપ-પ્રત્યારોપ શરૂ થયા, તેનાથી રાજકીય ચર્ચા ફરીને જાતીય રાજનીતિની બેડીઓમાં ગૂંચવાઈ ગઈ, કારણ કે એક અસુરક્ષા બોધ રચીને તેને રાજકીય જૂથબંધીના તત્ત્વ રૂપે વિકસિત કરી દેવામાં આવી. જો કોંગ્રેસના ચૂંટણી વિમર્શનું મૂલ્યાંકન કરીએ તો સ્પષ્ટ થશે કે તે એક અજાણ્યા અને આધારહીન ભય રચીને ‘ભયભીત સામાજિક માનસ’ રચવા માગે છે અને પછી એ માનસને પોતાના પક્ષમાં જૂથબંધ કરવા માગે છે. આ ભય આજે મધ્યમ વર્ગ, દલિત અને અલ્પસંખ્યક સમુદાયમાં ફેલાવાઈ રહ્યો છે. આ ભય જ ચિંતામાં બદલાય છે અને અસુરક્ષા બોધ પર આધારિત જૂથબંધીનું સ્વરૂપ ગ્રહણ કરી લે છે. આ પ્રક્રિયામાં પોતાના વિરોધીને જનતાંત્રિક મૂલ્યો માટે ખતરો અને ખુદને તેના રક્ષક ગણાવીને સમર્થન પેદા કરવામાં આવે છે. જોકે અસુરક્ષા બોધ પર આધારિત આ રાજનીતિ ભારતીય જનતા માટે નવી નથી. અનેક રાજકીય પક્ષો સમયે સમયે તેનો ઉપયોગ કરતા રહ્યા છે. કોંગ્રેસ પર સેક્યુલરવાદના આવરણ અંતર્ગત અસુરક્ષા બોધ પર આધારિત અલ્પસંખ્યક મતોની જૂથબંધીનો આરોપ લાગતો જ રહે છે.ભય અને અસુરક્ષા બોધ આધારિત જૂથબંધી ફાસીવાદી રાજનીતિની મહત્ત્વપૂર્ણ રણનીતિ માનવામાં આવે છે. એ સમજવું મુશ્કેલ છે કે કઈ પરિસ્થિતિને કારણે કોંગ્રેસ ભયાદોહનની રાજનીતિમાં ફસાતી જાય છે. બંધારણ ખતરો પ્રચારિત કરવાની રાજનીતિ મધ્યમ વર્ગ અને દલિત-પછાતોમાં એ ભય પેદા કરવા માટે કરાઈ રહે છે કે તેનાથી તમારા અનેક અધિકાર છીનવાઈ જશે. દલિત અને પછાત સામાજિક સમૂહોમાં એક ભય મિશ્રિત દીર્ઘકાલીન ચિંતા પણ ફેલાવવામાં આવી રહી છે કે તેનાથી તમારી અનામત છીનવી લેવામાં આવશે. આ એ પદ્ધતિ છે જે અલ્પસંખ્યકોમાં અસ્મિતાપરક ભય રચીને તેમનામાં ચૂંટણીલક્ષી જૂથબંધી માટે ઉપયોગ કરવામાં આવતી હતી. હવે આ જ હથિયાર દલિત અને પછાત વર્ગોની જૂથબંધી માટે ઉપયોગ થઈ રહ્યું છે. જોકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવત સહિત આરએસએસના કેટલાય નેતાઓએ પણ અનામતને લઈને પોતાના પક્ષને વારંવાર સ્પષ્ટ કર્યો છે, પરંતુ સંઘ અને ભાજપને અનામત વિરોધી સાબિત કરવાની કોશિશ ચાલુ છે.એમ તો અલ્પસંખ્યકોને પોતાના પક્ષમાં જૂથબંધ કરવાની રાજનીતિ કોંગ્રેસી રણનીતિનો લાંબા સમયથી હિસ્સો રહી છે, પરંતુ હવે તે પોતાની આ રાજનીતિનો વિસ્તાર દલિત અને પછાતો વચ્ચે પણ કરવાની કોશિશ કરી રહી છે. કોંગ્રેસ અને કેટલાક અન્ય પક્ષોના વિમર્શકારોએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને એક અમૂર્ત અવધારણામાં તબદીલ કરી દીધા છે. તે દરેક એ વ્યક્તિ, નીતિ, સંસ્થા, સંસ્થા પ્રમુખ, લેખક, વિચારક, કુલપતિ, ન્યાયાધીશને આસાનીથી ‘સંઘી’ કહીને નકારી દે છે, જેમના વિચારો સાથે સહમત નથી થતા. આ એ જ દર્શાવે છે કે આપણા દેશમાં રાજકીય વિમર્શ કેવા ઘડવામાં આવે છે અને કેવા મુદ્દામાં ઘાલમેલ કરવામાં આવે છે. ભારતીય જનતંત્ર એક પરિપક્વ સ્તર પર પહોંચી ચૂક્યું છે. એક અગ્રગામી દેશ ઘડવાની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. એવામાં એ જરૂરી છે કે આપણી રાજકીય ચર્ચાઓ પણ પરિપક્વ અને ભવિષ્યગામી હોય. હજુ સંસદીય ચૂંટણીના ચાર ચરણ બાકી છે. જોવાનું એ છે કે આવનાર દિવસોમાં રાજકીય ચર્ચા શું રૂપ-સ્વરૂપ લે છે? એ ધ્યાન રહે કે સ્વસ્થ લોકતંત્ર માટે સ્વસ્થ રાજકીય ચર્ચા જરૂરી હોય છે.

### હાલમાં નિકોબાર ટાપુઓ પર ચોમાસુ આવી ગયું છે

# ગુજરાતમાં ૧૯થી ૩૦ જૂન વચ્ચે ચોમાસાની એન્ટ્રી થશે

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૧૯

ભયંકર ગરમીથી ત્રાસેલા લોકો વરસાદની રાહ જોઈ રહ્યા છે ત્યારે ગુજરાત સહિત સમગ્ર દેશમાં ચોમાસુ ક્યારે આવશે તેની તારીખો આવી ગઈ છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે ૩૧મેએ કેરળમાં ચોમાસાનું આગમન થઈ જશે. હાલમાં નિકોબાર ટાપુઓ પર ચોમાસુ આવી ગયું છે. ગુજરાતમાં ૧૯થી ૩૦ જૂન વચ્ચે ચોમાસાની એન્ટ્રી થશે. આ દરમિયાન મધ્ય પ્રદેશમાં ૧૬થી ૨૧ જૂન દરમિયાન અને રાજસ્થાનમાં ૨૫ જૂને ચોમાસાનો પ્રારંભ થાય તેવી શક્યતા છે. ભારતીય હવામાન વિભાગે ચોમાસાની ગતિવિધિની માહિતી આપી છે. તે અનુસાર હાલમાં ચોમાસુ અંદામાન-નિકોબાર સુધી પહોંચી ગયું છે. તે ૩૧મી મે સુધીમાં ચોમાસુ કેરળ પહોંચશે. ગયા વર્ષે પણ અંદામાન અને નિકોબાર ટાપુઓમાં ચોમાસું ૧૯ મેના રોજ પહોંચ્યું હતું, પરંતુ કેરળમાં ૯ દિવસ મોડું ૮ જૂને પહોંચ્યું હતું. કેરળમાં સામાન્ય રીતે પહેલી જૂને ચોમાસાનું આગમન થતું હોય છે. પરંતુ આ વખતે તે વહેલું આવી શકે. આ આગાહીમાં ત્રૂટીની શક્યતા પ્લસ માઈનસ ૪ દિવસ છે. એટલે કે હવામાન ખાતાએ જાહેર કરેલી તારીખથી ચાર દિવસ આગળ અથવા પાછળ ચોમાસુ આવી શકે છે. પરિણામે ચોમાસુ ૨૮મી મેથી ૩જી જૂન વચ્ચે ગમે ત્યારે પધરામણી કરી શકે છે. હવામાન ખાતાનો ડેટા દર્શાવે છે કે કેરળમાં ચોમાસાના એન્ટ્રીની તારીખો છેલ્લાં ૧૫૦ વર્ષોમાં ઘણી વખત અલગ રહી છે. ૧૯૧૮માં ચોમાસું ૧૧ મેના રોજ સૌ પ્રથમ કેરળ પહોંચ્યું હતું, જ્યારે ૧૯૭૨માં કેરળમાં તારીખ બદલાઈ ગઈ અને ૧૮ જૂને ચોમાસુ બેઠું હતું. છેલ્લા ચાર વર્ષનો દેખાવ જોવામાં આવે તો ૨૦૨૦માં ચોમાસુ ૧ જૂને, ૨૦૨૧માં ૩ જૂને, ૨૦૨૨માં ૨૯ મે અને ૨૦૨૩માં ૮ જૂને કેરળ પહોંચ્યું હતું. આ વખતે ભારતમાં ચોમાસામાં લા નીનાની અસર જોવા મળશે અને તેથી સારું વરસાદ રહે તેવી શક્યતા છે. ભારતમાં અલ નીનો અને લા નીના એમ બે પ્રકારની પેટર્ન છે. આગામી ત્રણથી પાંચ અઠવાડિયામાં લા નીનાની અસર પેદા થશે. અલ નીનોમાં ઓછો વરસાદ પડે છે. ૨૦૨૦થી ૨૦૨૨ દરમિયાન લા નીના અસર હતી તેથી ૯૯ ટકાથી લઈને ૧૦૬ ટકા સુધી વરસાદ થયો હતો. ભારતીય હવામાન ખાતાએ ગયા મહિને જણાવ્યું હતું કે આ વર્ષે ભારતમાં સરેરાશ ૯૭ સેમી સુધી વરસાદ પડી શકે છે. તેથી આ વખતે ભારતમાં ખેતીનો પાક બહુ સારો ઉતરે તેવી શક્યતા છે.

ગુજરાત સહિત આખા દેશમાં આ વર્ષે ગરમી રેકોર્ડ બનાવી રહી છે. આવી સ્થિતિમાં ચોમાસાનો પ્રારંભ થાય તો ગરમીમાં રાહત મળી શકે છે. અત્યારે તો ગુજરાતમાં ભયંકર ગરમી છે અને સાત શહેરોમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.

આ વર્ષે ચોમાસું સામાન્ય તારીખ પહેલાં પણ કેરળમાં આવી શકે છે. જો કે કેરળમાં ચોમાસાના આગમનની સામાન્ય તારીખ ૧ જૂન છે. જાહેર કરેલી તારીખમાં ૪ દિવસ વધુ કે ઓછા રહેવાની શક્યતા છે. એટલે કે ચોમાસું ૨૮મી મેથી ૩જી જૂન વચ્ચે ગમે ત્યારે આવી શકે છે.

IMDના ડેટા અનુસાર કેરળમાં ચોમાસાના આગમનની તારીખો છેલ્લા ૧૫૦ વર્ષોમાં તદ્દન અલગ રહી છે. ૧૯૧૮ માં, ચોમાસું ૧૧ મેના રોજ પ્રથમ કેરળ પહોંચ્યું હતું, જ્યારે ૧૯૭૨ માં, તે ૧૮ જૂનના રોજ સૌથી મોડા કેરળ પહોંચ્યું હતું. છેલ્લા ચાર વર્ષની વાત કરીએ તો ૨૦૨૦માં ચોમાસું ૧ જૂન, ૨૦૨૧માં ૩ જૂન, ૨૦૨૨માં ૨૯ મે અને ૨૦૨૩માં ૮ જૂને કેરળ પહોંચ્યું હતું.

## ભાજપના પ્રદેશ પ્રવક્તા કુણાલ શાડાંગીનું રાજીનામું

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૧૯

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે સોમવારે (૨૦મેએ) પાંચમા તબક્કાનું મતદાન થવાનું છે. ત્યારે ઝારખંડમાં બીજા તબક્કા માટે મતદાન થાય તે પહેલા જ આજે ભારતીય જનતા પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. ભાજપના પ્રદેશ પ્રવક્તા કુણાલ શાડાંગીએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે.ભાજપના પ્રદેશ પ્રવક્તાએ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ બાબુલાલ મરાંડીને પોતાનું રાજીનામું સોંપી દીધુ છે. ભાજપમાંથી રાજીનામું આપ્યા બાદ કુણાલ શાડાંગીએ નેતાઓ પર તેમની અવગણના કરવાનો આરોપ લગાવ્યો છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચાર માટે ઝારખંડ પહોંચ્યા હતા. પીએમ મોદીએ જમશેદપુર સંસદીય ક્ષેત્રના ઘાટશિલામાં મૌભંદર મેદાનમાં જાહેર સભા કરી હતી.

આ દરમિયાન તેમણે ભાજપના ઉમેદવાર વિદ્યુત વરણ મહતોની જંગી મતોથી જીત સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી.

# સપ્તાહ દરમિયાન સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૩૪૧ અને ચાંદીમાં રૂ.૨,૮૦૧નો ઉછાળો : ક્રૂડ તેલમાં રૂ.૯નો મામૂલી સુધારો




મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૦થી ૧૬ મે સુધીના સપ્તાહ દરમિયાન ૧૧૪,૦૨,૫૧૬ સોદાઓમાં કુલ રૂ.૧૦,૬૦,૭૩૦.૭૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૦૧,૪૮૦.૬૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૯૫૯૧૭૭.૫૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮,૪૩,૧૯૨ સોદાઓમાં રૂ.૬૧,૬૬૬.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧,૭૩૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૩,૨૬૮ અને નીચામાં રૂ.૭૧,૭૩૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૩૪૧ના ઉછાળા સાથે રૂ.૭૨,૯૮૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૨૦૧ ઊછળી રૂ.૫૮,૯૬૪ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૦૯ વધી રૂ.૭,૧૬૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૩૧૦ના ઉછાળા સાથે રૂ.૭૨,૮૯૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૮૪,૭૬૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૮૭,૪૯૪ અને નીચામાં રૂ.૮૪,૩૭૭ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨,૮૦૧ના ઉછાળા સાથે રૂ.૮૭,૩૦૦ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨,૭૭૧ ઊછળી રૂ.૮૭,૧૩૯ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨,૭૯૫ ઊછળી રૂ.૮૭,૧૫૭ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૩૭,૪૦૦ સોદાઓમાં રૂ.૧૫,૮૧૪.૯ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૮૬૨ના ભાવે ખૂલી, રૂ.૩૪.૪૫ વધી રૂ.૮૯૪.૩૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૩.૮૦ વધી રૂ.૨૩૮.૦૫ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૧૯૪ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૨.૪૫ વધી રૂ.૨૬૧ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૪.૧૦ વધી રૂ.૨૩૮.૯૦ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ વધી રૂ.૧૯૪ જસત-મિની મે વાયદો રૂ.૨.૪૫ વધી રૂ.૨૬૧.૧૫ બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૭,૧૯,૨૮૫ સોદાઓમાં રૂ.૨૩,૯૫૩.૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૬૩૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૬૮૯ અને નીચામાં રૂ.૬,૪૧૫ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૯ વધી રૂ.૬,૬૧૫ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૯ વધી રૂ.૬,૬૧૬ બંધ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૩ના ભાવે ખૂલી, રૂ.૧૭ વધી રૂ.૨૦૮.૧૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૧૭ વધી ૨૦૮.૧ બંધ થયો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૪૫.૯૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી મે વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૬૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૭,૬૦૦ અને નીચામાં રૂ.૫૫,૮૨૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૩૪૦ ઘટી રૂ.૫૬,૦૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૧૦ ઘટી રૂ.૯૩૭.૧૦ બોલાયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩૩,૪૨૪.૯૩ કરોડનાં ૫૯,૪૮૬.૪૬૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૮,૨૪૧.૨૯ કરોડનાં ૪,૧૯૫.૫૬૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૭,૪૪૪.૪૭ કરોડનાં ૧,૩૧,૭૯,૮૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૬,૫૦૯.૧૩ કરોડનાં ૯૫,૨૫,૭૧,૨૫૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧,૮૬૫.૯૪ કરોડનાં ૯૯,૪૦૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૦૨.૧૩ કરોડનાં ૧૮,૨૦૦ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૧૦,૧૬૪.૫૦ કરોડનાં ૧,૪૧,૮૧૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩,૪૮૨.૩૩ કરોડનાં ૧,૬૫,૩૮૭ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨૮.૦૯ કરોડનાં ૫,૬૧૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૭.૮૫ કરોડનાં ૨૭૯.૭૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૬,૪૦૨.૪૧૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૪૧૭.૪૮૫ ટન, તાંબાના વાયદાઓમાં ૨૧,૫૭૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૦૨૫ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૬,૬૫૩ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૩,૩૩૪ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૯,૭૬,૮૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૨૨,૫૫,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૧,૨૧૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૫૦.૫૬ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૭૨.૫૧ કરોડનાં ૧૦૨૯ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૪૫૪ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૮,૩૩૧ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૮,૬૯૮ અને નીચામાં ૧૮,૨૭૫ બોલાઈ, ૪૨૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૧૧ પોઈન્ટ વધી ૧૮,૬૪૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૯૫૯૧૭૭.૫૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૬૩૩૭૫.૯૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૮૯૧૪.૭૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૮૦૬૨૧૬.૩૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૭૯૬૮૫.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૮.૭૩ કરોડ અને નેચરલ ગેસ-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૯૯.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

### ગુજરાત સરકાર પોતાના ખર્ચે વિદેશ તાલિમ આપશે

# વર્ગ-૧ના કર્મચારીઓને ખાસ વિદેશ તાલિમ અપાશે

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત સરકાર દ્વારા કર્મચારીઓની કાર્યક્ષમતા અને કાર્યદક્ષતા વધારવા માટે થઈને ફરજિયાત તાલીમ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષા અને સીધી ભરતીથી લેવાયેલા કર્મચારીઓ અધિકારીએ પ્રમોશન લેતાં પહેલાં આ તાલીમ ફરજિયાત પણે લેવી પડશે. સરકારે આ તાલીમ માટે બે સપ્તાહ અને ત્રણ દિવસના મોડ્યુલ નક્કી કર્યા છે. તેમને તાલીમ આપવા માટે ખાનગી સંસ્થાઓ પણ આવશે અને પર્સનાલિટી ડેવલપમેન્ટથી માંડીને કોમ્યુનિકેશન સ્કીલ સહિતની બાબતોની ટ્રેનિંગ આપવામા આવશે. હવે ગુજરાત સરકાર વર્ગ ૧ના અધિકારીઓને વિદેશ તાલીમ માટે મોકલશે. અત્યાર સુધી માત્ર સનદી અધિકારીઓને જ આવી વિદેશ તાલીમ માટે મોકલવામાં આવતા હતા.

રાજ્ય સરકાર અત્યાર સુધી ભવિષ્યની નીતિઓ નક્કી કરવા અને કામગીરીમાં નવી પદ્ધતિઓના અમલીકરણ કરવા માટે આઈએએસ અધિકારીઓને ચિંતન શિબિર થકી તાલીમ આપતી હતી. હવે અન્ય અધિકારીઓ અને કર્મચારીઓની કાર્યક્ષમતા વધારવા વર્ગ ૧થી ૪ના અધિકારીઓ-કર્મચારીઓને પણ તાલીમ આપવામાં આવશે. અગાઉની ચિંતન શિબિરમાં તમામ સરકારી કર્મચારીઓની ક્ષમતા નિર્માણ કરવાના મુદ્દે કરાયેલી ચર્ચા સંદર્ભે જે સૂચનો આવ્યા તેનો અમલ કરવાનું નક્કી કરાયું છે. જેના ભાગરૂપે સરકારે કર્મચારીઓને વિવિધ તબક્કાની તાલીમ આપવાનો નિર્ણય લીધો છે.

અધિકારીઓએ તેમની નોકરીના અજમાયશી સમય દરમિયાન કોમન ફાઉન્ડેશન કોર્ષ કરવાનો રહેશે. ઉપરાંત ફરજ પરના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને પણ સાત દિવસની નિવાસી તાલીમ લેવાની રહેશે. આ સિવાય દર વર્ષે વર્ગ-૧થી વર્ગ-૩ના અધિકારીઓએ ૨૦ કલાકની માત્ર ઓનલાઈન તાલીમ લેવાની રહેશે અને આ તાલીમ માટે તેમની વાર્ષિક કામગીરીના મૂલ્યાંકનમાં ૨ માર્ક ઉમેરાશે. વર્ગ ૧અને ૨ના અધિકારીઓ માટે નક્કી -કરાયેલી તાલીમના બે અઠવાડિયા પૈકી એક સપ્તાહ તેઓની ઓનલાઈન તાલીમ રહેશે. આ ઉપરાંત વર્ગ ૩ના કર્મચારીઓએ દર વર્ષે ૨૦ કલાકની ઓનલાઈન તાલીમ લેવાની રહેશે. કલાસ વન અધિકારીઓને સરકારી ખર્ચે વિદેશની નામાંકિત સંસ્થાઓમાં પણ તાલીમ માટે મોકલવાનું નક્કી કરવામાં આવ્યું છે. અગાઉ માત્ર આઈએએસ અધિકારીઓ જ વિદેશી તાલીમ માટે સરકારી ખર્ચે જતા હતા. સચિવાલયના વિવિધ વિભાગના નાયબ સચિવ, સંયુકત સચિવ, અધિક સચિવને નોડલ અધિકારી તરીકે નિમવાના રહેશે. આ નોડલ અધિકારીએ કર્મચારીઓની તાલીમ માટે સંસ્થાઓ સાથે કો-ઓર્ડિનેશન તેમજ તાલીમી કાર્યક્રમના આયોજનમાં મદદરૂપ થવાનું રહેશે. આવી તાલીમ નહીં લેનાર કર્મચારી કે અધિકારીને પ્રમોશન નહીં મળે એવું સ્પષ્ટ કહી દેવાયું છે.

### બંગાળની ખાડીમાં વાવાઝોડાની સિસ્ટમ બની રહી છે

# ગુજરાતમાં આગામી દિવસોમાં ભારે વરસાદ પડે તેવી શક્યતા

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૧૯

છેલ્લા ઘણા વર્ષોથી ચોમાસા સિવાયના મહિનાઓમાં દેશમાં અલગ અલગ વિસ્તારોમાં વાવાઝોડા આવી રહ્યા છે. આગામી અઠવાડિયે આવા વધુ એક વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે જેની અસર ગુજરાતમાં પણ જોવા મળશે. હાલમાં બંગાળની ખાડીમાં એવી સિસ્ટમ બંધાઈ રહી છે જેના કારણે ઓડિશા, બંગાળમાં તેની મજબૂત અસર દેખાશે અને મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં પણ તેના કારણે ભારે વરસાદ પડે તેવી શક્યતા છે. ચોમાસાના આગમન પહેલાં બંગાળની ખાડી પર એક લો પ્રેશર એરિયા બનતો જોવા મળી રહ્યો છે. તેનાન કારણે ભારતીય હવામાન વિભાગ (IMD) એ ૨૨ મેની આસપાસ દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડી પર વાવાઝોડું સર્જાવાની આગાહી કરી છે.

પાંચ દિવસ બાદ બંગાળની ખાડીમાં સાયક્લોનિક સ્ટોર્મ પેદા થવાની શક્યતા છે. જેના કારણે ગુજરાતને પણ આંશિક અસર થવાની સંભાવના છે. દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડીમાં ૨૨ મે આસપાસ લો પ્રેસર સર્જાશે અને ૨૪ મેની આસપાસ બંગાળની ખાડીની મધ્યમાં તે ડીપ્રેશનમાં ફેરવાય તેવી સંભાવના જોવામાં આવે છે. આ વાવાઝોડું શક્તિશાળી બને અને ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધે તો ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૨૭ મે આસપાસ ભારે વરસાદની સંભાવના હવામાન ખાતા દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

આ દરમિયાન હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં બંગાળની ખાડીમાં તથા આંદામાન, નિકોબાર ટાપુઓમાં નૈઋત્યનું ચોમાસું આગળ વધવાની આગાહી કરી છે. કેટલાક હવામાન નિષ્ણાતોનું કહેવું છે કે તેના કારણે ગંભીર ચક્રવાતની પણ સંભાવના છે. આઈએમડીના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રા જણાવે છે કે, "નીચા દબાણના વિસ્તાર ચોમાસાને આંદામાન સમુદ્ર અને અડીને આવેલા બંગાળની ખાડી પર આગળ વધવામાં મદદ કરશે. તેના કારણે કેરળમાં ચોમાસું આગળ વધશે. તેની અસર ઓડિશા, મહારાષ્ટ્ર અને ગુજરાત અને તેની આસપાસના રાજ્યો પર પડશે.

આ વેધર પેટર્ન આગળ જતા ચક્રવાતમાં પરિવર્તિત થાય તેવી સંભાવનાને પણ નકારી શકાતી નથી. હાલમાં તો તેની પુષ્ટિ કરવી ખૂબ જ વહેલું છે. ચક્રવાતની સિસ્ટમ રચાય તો તે ચોમાસાને કેટલી હદે અસર કરશે તે કહેવું મુશ્કેલ છે. સ્કાયમેટ વેધર સર્વિસીસના પ્રમુખ જી પી શર્માએ જણાવ્યું હતું કે અત્યારે સિસ્ટમમાં ચક્રવાત બનવાની સંભાવના વધારે છે, પરંતુ તેના કારણે ચોમાસાની પ્રગતિ રોકાય તેવી શક્યતા નથી.

Printed, Published and Owned by NARENDRA G. JOSHI and Printed at Bhoomi Offset Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, AHMEDABAD - 380002 and published from H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132’ Ring Road, Naranpura, AHMEDABAD-380 063. Editor- NARENDRA G. JOSHI.

# APRIL ગ્રુપએ ભારતની અગ્રણી કન્ઝ્યુમર ટિસ્યુ પ્રોડક્ટ્સ કંપની ઓરિગામીમાં અંકુશાત્મક હિસ્સો ખરીદ્યો

એજન્સી દ્વારા

ફાયબર, પલ્પ અને પેપરની અગ્રમી વૈશ્વિક ઉત્પાદક એવા **APRIL** ગ્રુપએ ભારતની ગ્રણી કન્ઝ્યુમર ટિસ્યુ પ્રોડક્ટ કંપનીમાં અંકુશાત્મક હિસ્સો ખરીદ્યો છે, જે ભારતના ઝડપથી વિકસતા ટિસ્યુ અને પર્સોનલ હાઈજિન માર્કેટમાં તેના પ્રવેશને અંકિત કરે છે. **APRIL** ગ્રુપ એ સિંગાપુરમાં વડુ મથક ધરાવતા ઈર્ઘ્ઈ ગ્રુપ ઓફ કંપનીઝની સભ્ય છે.

ઓરિગામી ભારતમાં ઘરઘરમાં જાણીતુ નામ છે, જે વિકસતી ટિસ્યુ પેપર મિલ્સમાં સંપૂર્ણ સંકલિત ઓપરેશન અને દેશભરમાં અસંખ્ય સ્થળોએ અને વિતરણ કેન્દ્રોમાં કન્વર્ટીંગ પ્લાન્ટ ધરાવે છે.

ટિસ્યુ અને પર્સોનલ હાઈજિનમાં ભારતીય અગ્રણી તરીકે ઓરિગામી ફેસિયલ ટિસ્યુઝ, પેપર નેપ્કિન્સ, ટોઈલેટ ટિસ્યુ રોલ્સ, કિચન ટોવેલ્સ, હેન્ડ ડોવેલ્સ અને વેટ વાઈપ્સ જેવી વિસ્તરિત પ્રોડક્ટ રેન્જ ઓરિગામી અને સંલગ્ન બ્રાન્ડ હેઠળ ધરાવે છે.ઓરિગામીની સ્થાપના ૧૯૯૫માં નીલમ અને મનોજ પાંચીસા દ્વારા કરવામાં આવી હતી જો કંપનીમાં નોંધપાત્ર લઘુત્તમ હિસ્સો જાળવવાનું સતત રાખશે અને સંપાદનની પૂર્ણતાને પગલે બિઝનેસનું નેતૃત્ત્વ કરવાનું ચાલુ રાખશે.

ભારતીય ટિસ્યુ માર્કેટે ભારતના ઝડપથી વિકસતા મધ્યમ વર્ગ, ઉપભોક્તાઓના દ્રષ્ટિકોણ અને સ્વચ્છતા અને અંગત સંભાળ પરની ટેવને કારણે વાર્ષિક ધોરણે નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી છે. તેણે એવા માર્કેટ પર્યાવરણનું સર્જન કર્યુ છે જેમાં આંતરરાષ્ટ્રીય-સ્ટાડર્ડ અંગત સ્વચ્છતા પ્રોડક્ટ્સની માંગમાં વધારો થઈ રહ્યો છે, જેમાં વૈશ્વિક ધોરણો કરતા માથાદીઠ વપરાશ ઘણો નીચો હોવાના કારણે હજુ પણ વૃદ્ધિની સંભાવના છે.''

''ભારતીય ટિસ્યુ માર્કેટ ઝડપથી વિસ્તરી રહ્યુ છે, જે ઉપભોક્તાઓના વિકસતા દ્રષ્ટિકોણ અને સ્વચ્છતા અને અંગત સંભાળને આભારી છે,'' એમ **APRIL** ઈન્ડિયા અને સબકોન્ટિનન્ટના કંટ્રી વડા સુનીલ કુલકર્ણીએ જણાવતા કહ્યું હતુ કે"**APRIL** અનેઓરિગામીને ભેગી કરતા ઉચ્ચ ગુણવત્તા, ટકાઉ અંગત સ્વચ્છતા પ્રોડક્ટ્સની વધી રહેલી રાષ્ટ્રીય માંગને પહોંચી વળવાની સારી સ્થિતિમાં છીએ.''

**APRIL** છેલ્લા ૨૫ વર્ષથી ભારતમાં પલ્પ અને પેપર પ્રોડક્ટ્સની અગ્રણી નિકાસકર્તા રહી છે. ઓરિગામીમાં સંપાદન કરેલ અંકુશાત્મક હિસ્સો, તાજેતરમાં જ ચીન, સાઉથઈસ્ટ એશિયા અને બ્રાઝિલમાંના ટિસ્યુ માર્કેટમાં કરવામાં આવેલા રોકાણને પગલે **APRIL**ની વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા માર્કેટમાં પોતાની વૈશ્વિક હાજરી વધારવાની વ્યૂહરચનાનો એક ભાગ છે. ભારતમાં **APRIL** અગ્રણી સ્થાનિક સાહસોને તેની વૈશ્વિક વૃદ્ધિ યોજનાઓમાં સંકલિત કરવા તેના સફળ મોડેલને અનુસરશે અને ટેકનોલોજીને અપગ્રેડ અને પ્રોસેસ કરવા માટે સ્ત્રોતો પૂરા પાડશે જેથી વૈશ્વિક કક્ષાની સભાન પ્રોડક્ટસને પોષણક્ષમ કિંમતે પૂરી પાડી શકાય.

ભારતમાં પલ્પના અગ્રણી સપ્લાયર તરીકેના કંપનીના દરજ્જાનો લાભ ઉઠાવતા **APRIL**નું ઓરિગામીમાં અંકુશાત્મક હિસ્સાનું સંપાદન ગ્રુપને 'મેક ઈન ઈન્ડિયા' અંતર્ગત સ્થાનિક ઉત્પાદનમાં સીધા વિદેશ રોકાણને વધુ ટેકો આપવા માટે સક્ષમ બનાવશે. "**APRIL** અને ઓરિગામી એક સાથે વધુ મજબૂત છે,'' એમ કહેતા શ્રી કુલકર્ણીએ ઉમેર્યુ હતુ કે ''આ સંપાદન સાથે છઁઈૅ-ભારતીય ઉપભોક્તાઓને ઉચ્ચ ગુણવત્તા અને ટકાઉ રીતે ઉત્પાદિત ટિસ્યુ પેપર અને અન્ય પ્રોડક્ટ્સ મેળવવામાં અને ઍક્સેસ મેળવવાની ઝૂંબેશમાં વધારો કરવા માટે સારી સ્થિતિમાં છે. આ વૃદ્ધિ ઉત્પાદન, પ્રવર્તમાન ચેનલ્સને વધુ ઊંડી બનાવીને, વિસ્તારીને અને નવી ચેનલ્સ વિકસાવીને અને પ્રોડક્ટ નવીનતામાં વધારાના રોકાણ મારફતે આ વૃદ્ધિ હાંસલ કરવામાં આવશે.''

## કાર્ટૂન કોર્નર




# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ K9 ટ્રેનર્સ અને પેટ પેરેન્ટ્સ માટે કોર્સની જાહેરાત કરી



એજન્સી દ્વારા

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, રાષ્ટ્રીય મહત્વની સંસ્થા, રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસ શિક્ષણ યુનિવર્સિટીની અગ્રણી સંસ્થાએ **K9** ટ્રેનર્સ અને પેટ પેરેન્ટ્સ માટે તેમની કુશળતા અને જ્ઞાન વધારવામાં મદદ કરવા માટે તૈયાર કરાયેલા નવા કોર્સની જાહેરાત કરી છે.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીની ખાનગી અને કોર્પોરેટ સુરક્ષા આવશ્યકતાઓમાં અંતરને દૂર કરવાની તેની પ્રતિબદ્ધતાના ભાગરૂપે પ્રાઈવેટ,ઈન્ડસ્ટ્રીઅલ અને કોર્પોરેટ સુરક્ષા વ્યવસ્થાપન **(SPICSM)** દ્વારા આ કોર્સ રજૂ કરવામાં આવ્યો છે."લો એન્ફોર્સમેન્ટ એજન્સીઓને મદદ કરીને કેનિન્સ રાષ્ટ્રીય સુરક્ષામાં ના દેખાય તેવી પરંતુ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કૂતરાઓને પાળતુ પ્રાણી તરીકે દત્તક લેતા પરિવારોની સંખ્યા પણ વધી રહી છે. અમારો નવો કોર્સ ખાસ કરીને દ્વ૯ ટ્રેનર્સ અને પેટ પેરેન્ટ્સ માટે તૈયાર કરવામાં આવ્યો છે અને તેઓને પાલતુ પ્રાણીઓ સાથે વ્યવહાર કરવામાં વધુ સારા બનવામાં મદદ કરશે,'' નિમેશ દવે, પ્રાઈવેટ,ઈન્ડસ્ટ્રીઅલ અને કોર્પોરેટ સિક્યોરિટી મેનેજમેન્ટ સ્કૂલના ડિરેક્ટરે જણાવ્યું હતું.

આગળ જતાં, યુનિવર્સિટી કોર્સમાં બેઝિક ઓબેડીયન્સ ટ્રેઈનિંગ, સૂંઘવાની ટેક્નિક્સ, એજીલીટી એક્સેસાઈઝ અને ડોગ્સ દ્વારા સંપત્તિના રક્ષણની પદ્ધતિઓ સંબંધિત મોડ્યુલ પણ રજૂ કરશે. આ કોર્સ સમગ્ર વર્ષ દરમિયાન ઓફર કરવામાં આવશે અને વાર્ષિક ધોરણે પરીક્ષા લેવામાં આવશે. જેઓ પરીક્ષા પાસ કરશે તેઓને કેન્દ્ર સરકારની યુનિવર્સિટી દ્વારા 'સર્ટિફાઈડ **K9** ટ્રેનર' સર્ટિફિકેટ પ્રાપ્ત થશે, એમ વધુમાં જણાવ્યું હતું.ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વ્યવહારિક અભિગમો પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે, **SPICSM** ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણવિદો, પ્રખ્યાત પ્રેક્ટિશનરો, ઉદ્યોગ નિષ્ણાતો અને નેતાઓનો સમાવેશ કરતી ફેકલ્ટી ધરાવે છે. શાળા ખાનગી અને કોર્પોરેટ સુરક્ષા કર્મચારીઓના પુનઃ-કૌશલ્ય અને અપ-કૌશલ્ય માટેની તકો પણ પ્રદાન કરે છે.રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી વૈશ્વિક અને રાષ્ટ્રીય હિસ્સેદારો માટે જ્ઞાનનું અગ્રણી સેન્ટર છે અને શાંતિપૂર્ણ અને સમૃદ્ધ વિશ્વ વ્યવસ્થામાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે. તેમનું ફોકસ તેમની ૧૧ વિશિષ્ટ શાળાઓમાં શૈક્ષણિક, સંશોધન અને તાલીમ પહેલોના સતત વૃદ્ધિ અને વિકાસ દ્વારા રાષ્ટ્રીય વ્યૂહાત્મક, સુરક્ષા અને પોલીસ કલચરના સ્ટેટક્રાફટને વિકસાવવામાં આવેલું છે.



# ગીતાંજલી મિશ્રા જ્યારે ક્રિકેટર વેંકટેશ ઐયરને મળી

એજન્સી દ્વારા

ટેલિવિઝનની ધમધમતી દુનિયામાં ગીતાંજલી મિશ્રા એન્ડટીવી પર હપ્પુ કી ઉલટન પલટનમાં દબંગ દુલ્હનિયા રાજેશની ભૂમિકા માટે અલગ તરી આવે છે. આ પ્રતિભાશાળી અભિનેત્રી જોકે શૂટિંગમાં નહીં હોય ત્યારે તેના મનગમતા શોખ- ક્રિકેટ જોવું અથવા રમવા સાથે પોતાને વ્યસ્ત રાખે છે. આ રમત માટે તેનો જોશ પડદા પર તેની ભૂમિકા જેવો ચમકી ઊઠે છે. સ્ટેન્ડ્સમાંથી પોતાની ફેવરીટ ટીમને ચિયર કરવાનું હોય કે રમત વિશે ચર્ચામાં ભાગ લેવાનો હોય કે ક્રિકેટના શોખીનોના સમૂહ સાથે ક્રિકેટ રમવાની વાત હોય, તેનો ક્રિકેટ માટે પ્રેમ અસીમિત છે. ક્રિકેટ માટે તેની લગનીએ તેને તેના મનગમતા ક્રિકેટરમાંથી એક વેક્ટેશ ઐયર સાથે મુલાકાત કરવાની પણ વિશેષ તક આપી હતી!

ક્રિકેટ માટે પ્રેમ દર્શાવતાં ગીતાંજલી મિશ્રા ઉર્ફે રાજેશ કહે છે, ''અભિનેત્રી તરીકે મારું જીવન મોટે ભાગે સ્ક્રિપ્ટ યાદ કરવી, સેટ અને રિહર્સલ પર વીતતું હોય છે, પરંતુ આ ધમધમાટ વચ્ચે મને એક લગની ક્રિકેટ બેહદ ખુશી આપે છે. મનોરંજન ઉદ્યોગની ઝાકઝમાળની પાર મને ક્રિકેટના મેદાનમાં શાંતિ અને શાતા મળે છે. ક્રિકેટ રમવું તે મારે માટે શોખ હોવા સાથે હવાફેરનું માધ્યમ પણ છે, જે રમતની સાદગી અને શુદ્ધતા સાથે ફરીથી જોડાવાની રીત છે. ક્રિકેટમાં બેટ પર બોલ લાગતાં થતો અવાજ, ટીમના સાથીઓ વચ્ચે સુમેળ અને લક્ષ્યનો પીછો કરવો અથવા સ્કોર ડિફેન્ડ કરવા વિશે કાંઈક ચમત્કારિક છે. રવિવારની બપોરે ફ્રેન્ડ્સ સાથે કેઝ્યુઅલ ગેમ હોય કે વધુ સંગઠિત મેચ હોય ક્રિકેટ રમતી વખતે મને મળતી ખુશીનો કોઈ પાર હોતો નથી. મારા વ્યસ્ત સમયપત્રક વચ્ચે હું આ મજેદાર સમય વિતાવવાની અચૂક ખાતરી રાખું છું. આ કસરત કે સ્પર્ધા નથી, પરંતુ મને ગમે તેમાં પોતાને ગળાડૂબ કરવાની ખુશી છે. ક્રિકેટ મને શાંતિ આપે છે, સંતુલન અને જીવનની સાદી ખુશી અપનાવવાની મને યાદ અપાવે છે. આથી કેમેરાનો સામનો કરવો હોય ક્રિકેટ બેટ પકડવાની હોય, એક બાબત એકધારી રહે છે, બંને વિશ્વ માટે મારી મજબૂત લગની તેમની અજોડ રીતચે પરિપૂર્ણતા અને ખુશી આપે છે.''

અભિનેત્રીએ ક્રિકેટ માટે તેની લગનીને કારણે ક્રિકેટર વેક્ટેશ ઐયરને મળવાનો મોકો મળ્યો તે વિશે પણ વાત કરી. તે કહે છે, ''ક્રિકેટ મને હંમેશાં સરપ્રાઈઝ આપે છે અને એક સૌથી સુંદર સરપ્રાઈઝ વેક્ટેશ ઐયર હતો. તેની ક્રિકેટિંગ કુશળતા મને હંમેશાં ગમી છે. ગ. વર્ષે મુંબઈમાં ક્રિકેટ લીગ તાલીમ શિબિર વખતે અમારી અચાનક મુલાકાત થઈ. મને સૌથી સારી વાત ચા માટે મારા સમાન પ્રેમની લાગી. અમે બેને ફાઈનસ્ટાર રેસ્ટોરાંને બદલે ચાય કી ટપરી પર ચા માણવાનું અપનાવ્યું. વેક્ટેશ એકદમ નમ્ર સ્વભાવનો છે અને મારી સાથે તે મળતું આવે છે તેનો દાખલો છે.

# સનરાઈઝર્સ હૈદરાબાદે પંજાબ કિંગ્સને હરાવ્યું

એજન્સી દ્વારા

હૈદરાબાદ, તા.૧૯

સનરાઈઝર્સ હૈદરાબાદે પંજાબ કિંગ્સને હરાવ્યું છે. પેટ કમિન્સની સુકાની સનરાઈઝર્સ હૈદરાબાદે ૪ વિકેટે જીત મેળવી હતી. સનરાઈઝર્સ હૈદરાબાદને ૨૧૫ રનનો ટાર્ગેટ મળ્યો હતો. પરંતુ સનરાઈઝર્સ હૈદરાબાદે ખરાબ શરૂઆત છતાં લક્ષ્ય હાંસલ કર્યું હતું. તે જ સમયે, આ જીત બાદ સનરાઈઝર્સ હૈદરાબાદ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને આવી ગયું છે. જ્યારે રાજસ્થાન રોયલ્સ ત્રીજા સ્થાને સરકી ગઈ છે. હવે રાજસ્થાન રોયલ્સે ટોપ-૨માં સ્થાન મેળવવા માટે પોતાની છેલ્લી મેચ જીતવી પડશે.

આ પહેલા પંજાબ કિંગ્સના કેપ્ટન જીતેશ શર્માએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરવા આવેલી પંજાબ કિંગ્સે ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૧૪ રન બનાવ્યા હતા. પંજાબ કિંગ્સ માટે ઓપનર પ્રભસિમરન સિંહે ૪૫ બોલમાં સૌથી વધુ ૭૧ રન બનાવ્યા હતા. રિલે રોસોએ ૨૪ બોલમાં ૪૯ રનનું યોગદાન આપ્યું હતું. અથર્વ ટાઈડે ૨૭ બોલમાં ૪૬ રનની સારી ઈનિંગ રમી હતી. જ્યારે જીતેશ શર્મા ૧૫ બોલમાં ૩૨ રન બનાવીને નોટઆઉટ પરત ફર્યો હતો.

પંજાબ કિંગ્સના ૨૧૪ રનના જવાબમાં બેટિંગ કરવા આવેલી સનરાઈઝર્સ હૈદરાબાદની શરૂઆત સારી રહી ન હતી. અર્શદીપ સિંહે ઓપનર ટ્રેવિસ હેડને પહેલા જ બોલ પર બોલ્ડ આઉટ કર્યો હતો. પરંતુ આ પછી અભિષેક શર્મા અને રાહુલ ત્રિપાઠી વચ્ચે સારી ભાગીદારી જોવા મળી હતી. બંને ખેલાડીઓએ ૭૨ રન જોડ્યા હતા. રાહુલ ત્રિપાઠી ૧૮ બોલમાં ૩૩ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. જ્યારે અભિષેક શર્મા ૨૮ બોલમાં ૬૬ રન બનાવી શશાંક સિંહની બોલિંગ પર આઉટ થયો હતો. જ્યારે નીતિશ રેડ્ડીએ ૨૫ બોલમાં ૩૭ રનની શાનદાર ઈનિંગ રમી હતી. હેનરિક ક્લાસને ૨૬ બોલમાં ૪૨ રન બનાવ્યા હતા. આ રીતે સનરાઈઝર્સ હૈદરાબાદે ૧૯.૧ ઓવરમાં ૬ વિકેટે ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો.

પંજાબ કિંગ્સ તરફથી અર્શદીપ સિંહ અને હર્ષલ પટેલને ૨-૨ સફળતા મળી હતી. જ્યારે શશાંક સિંહે અભિષેક શર્માને આઉટ કર્યો હતો.



# ટીકા પઢ ગયા હપ્પુ કે પ્યાર મેં....

એજન્સી દ્વારા

એન્ડટીવી પર ભાભીજી ઘર પર હૈ સાથે ફરી એક વાર જોરશોરથી હસવા માટે તૈયાર થઈ જજો, કારણ કે મોડર્ન કોલોનીમાં નવી પાડોશી કાલિંદી આવી રહી છે, જે રોમાંચક વળાંક લાવશે. મોડર્ન કોલોનીના રહેવાસીઓ હંમેશાં અનિતા ભાભી (વિદિશા શ્રીવાસ્તવ) પ્રભાવિત હતા ત્યારે તેની નવી પાડોશી કાલિંદીથી હવે આકર્ષિત થયેલા જોવા મળશે. કાલિંદી પોતાની બુદ્ધિ અને મોહિનીથી ખાસ કરીને ટીકા સહિત દરેકને આકર્ષિત કરશે.

આગામી વાર્તા વિશે બોલતાં વિભૂતિ નારાયણ મિશ્રા (આસીફ શેખ) કહે છે, ''હપ્પુ (યોગેશ ત્રિપાઠી) કાલિંદી નામે મહિલા તરીકે અંડરકવર બને છે. વાસ્તવમાં મોડર્ન કોલોનીમાં આતંકવાદી સમીર (વિકાસ ખંડોલા) ઘૂસી ગયો છે. તે બોમ્બવિસ્ફોટ કરવાની યોજના ઘડી રહ્યો છે. આથી અંડરકવર તરીકે હપ્પુ સમીરને રોમેન્ટિક છટકામાં સપડાવવાના અને બોમ્બ સાથે રંગેહાથ પકડવાના સિક્રેટ મિશન પર છે. દરમિયાન ગમગીનીથી પીડાતો ટીકા (વૈભવ માથુર) આત્મહત્યાનો પ્રયાસ કરે છે. તેની મદદરૂપ થવા માટે સકસેના (સાનંદ વર્મા) તેને જીવનસાથી શોધવા માટે સૂચન કરે છે. ભરપૂર ચર્ચા પછી વિભૂતિ અને તિવારી (રોહિતાશ ગૌર) ટીકા માટે કાલિંદી ઉત્તમ જીવનસાથી બની શકે છે એવું નક્કી કરે છે.

કાલિંદીથી મોહિત ટીકા તેની સાથે પરણવાનો આગ્રહ કરે છે. તેઓ ટીકા વતી લગ્નના પ્રસ્તાવ સાથે કાલિંદીનો સંપર્ક કરે છે, પરંતુ હપ્પા (કાલિંદીના સ્વાંગમાં) પોતાનું મિશન અને ઓળખ છુપાવવા માટે કાલિંદીના પરિવાર વિશે ખોટી વાર્તા ઊપજાવી કાઢે છે કે કાલિંદી તેની મોટી બહેનનાં લગ્ન પછી જ પરણશે. આથી બધાની આશા પરથી પાણી ફરી વળે છે, કારણ કે તેઓ માને છે કે કાલિંદીની મોટી બહેનનાં લગ્ન અશક્ય છે, જેથી ટીકાનાં લગ્ન અશક્ય બને છે. ફરી એક વાર ટીકા આત્મહત્યા કરવાનું નક્કી કરે છે."

વિદિશા શ્રીવાસ્તવ ઉર્ફે અનિતા ભાભી કહે છે, ''ટીકાને બચાવવા માટે બધા આતંકવાદીને પકડવાનો પ્રયાસ કરી રહેલા હપ્પુનું અપહરણ કરે છે.

આને કારણે આતંકવાદી છટકી જાય છે. આ મનોરંજક વાર્તા દર્શકોને જકડી રાખશે અને શું કાલિંદી આતંકવાદીને પકડવામાં સફળ થશે કે ટીકાની જીવનસાથી બની જશે તે જોવાની તેમને ઉત્સુકતા રહેશે.''

જોતા રહો તમારો ફેવરીટ શો ભાભીજી ઘર પર હૈ રાત્રે ૧૦.૩૦ વાગ્યાથી, દરેક સોમવારથી શુક્રવાર, ફક્ત એન્ડટીવી પર!

### સિંગલ મધર હોવાનો અર્થ સમજાવે છે

# સંજીદા શેખ છૂટાછેડા પછી તેની પુત્રીને એકલા ઉછેરી રહી છે

એજન્સી દ્વારા

મુંબઈ, તા.૧૯

વેબ શો 'હીરામંડી'માં પોતાના અભિનયથી દર્શકોના દિલ જીતનાર સંજીદા શેખ મીડિયાને મળી હતી. અભિનેત્રીને તેના કામ માટે અપાર પ્રેમ મળી રહ્યો છે, તે આ માટે આભારી છે. વ્યક્તિગત અને વ્યવસાયિક રીતે સંજીદા પોતાને ખૂબ જ સુરક્ષિત મહિલા કહે છે.



તાજેતરમાં ઈન્ડિયા ટુડે સાથેની વાતચીતમાં સંજીદાએ સિંગલ પેરેન્ટિંગ, આમિર અલીથી છૂટાછેડા અને ભવિષ્યમાં કામ વિશે વાત કરી હતી.

સંજીદા ટીવી ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી રહી ચુકી છે. તેણે હૃતિક રોશન અને દીપિકા પાદુકોણની ફિલ્મ 'ફાઈટર'માં ભૂમિકા ભજવી હતી જે નાની હતી, પરંતુ તેના મર્યાદિત સ્ક્રીન સમયમાં તેણે દર્શકોના દિલ પર પોતાની છાપ છોડી હતી. 'હીરામંડી'ના ૮ એપિસોડ છે અને તમામ આઠમાં સંજીદા મહત્વની ભૂમિકા ભજવતી જોવા મળે છે.

સંજીદાએ કહ્યું- હું એક અભિનેતા તરીકે એકદમ સુરક્ષિત છું. તમે સ્ક્રીન પર કેટલો સમય પસાર કરી રહ્યાં છો તે મહત્વનું છે, પરંતુ વધુ મહત્ત્વની બાબત એ છે કે તમે તમારા નાના પાત્રમાં કેટલો જીવ લો છો. મને 'હીરામંડી' વિશે ખાતરી નહોતી કે મને પડદા પર કેટલો સમય મળવાનો છે તેની મને ખબર નહોતી. જ્યારે મેં શૂટિંગ શરૂ કર્યું ત્યારે સંજય સર મને એક અદ્ભુત માર્ગદર્શકની જેમ શીખવતા જોવા મળ્યા હતા. અને જુઓ, હવે દરેક સ્ક્રીન પર અંતિમ ઉત્પાદન જોઈ રહ્યા છે.

તમને જણાવી દઈએ કે સંજીદા પોતાની પર્સનલ લાઈફને લઈને પણ છેલ્લા કેટલાક સમયથી લાઈમલાઈટમાં રહી હતી. પૂર્વ પતિ આમિર અલી સાથે તેના છૂટાછેડાના સમાચાર હતા.

બંનેને ૪ વર્ષની દીકરી છે, જેનો ઉછેર સંજીદાએ કર્યો છે. જો કે, આમિરને કોર્ટમાંથી પરવાનગી પણ મળી હતી કે તે તેની પુત્રીને મળી શકે છે. સંજીદાએ કહ્યું- હું મારી દીકરીને મારી સૌથી મોટી ચીયરલીડર માનું છું. એ મારી તાકાત છે.

હું ગાયક માતા-પિતા છું, પરંતુ હું સમજું છું કે ભગવાને મારા માટે કંઈક આયોજન કર્યું છે.''તેમની યોજના મુજબ, બધું બરાબર ચાલી રહ્યું છે. હું આ પ્રવાસનો આનંદ લઈ રહ્યો છું અને મેં મારી જાતને સ્વીકારી છે. તમારા જીવનમાં જુદા જુદા લોકો આવતા રહેશે અને તમે તેમની પાસેથી કંઈક શીખશો. સારું કે ખરાબ. તમારા કાર્યો શું છે તેનાથી કોઈ ફરક પડતો નથી. , તે તમારા પર નિર્ભર છે કે દરેક વ્યક્તિ માટે તેના ખરાબ અનુભવોમાંથી બહાર આવવું જરૂરી છે.''

સિંગલ પેરેંટિંગ વિશે વાત કરતાં સંજીદાએ કહ્યું- મારી દીકરી મારી સૌથી મોટી તાકાત છે. હું માતા છું અને એકલી ઉછેરી રહી છું કે નહીં તેનાથી કોઈ ફરક પડતો નથી. મારા બાળક પ્રત્યે મારી પાસે જે પ્રેમ, લાગણી અને જવાબદારી છે તે મહત્વનું છે. મારા જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ મારી દીકરી છે. કારણ કે તેણીએ મને શક્તિથી ભરી દીધી છે, તે મને કામ કરવા પ્રેરિત કરે છે. હવે હું જાગૃત થઈ ગયો છું અને શાંત રહું છું.

બાળકો હંમેશા તમને આ વસ્તુઓ શીખવે છે. હું હવે ખૂબ જ મજબૂત છું અને હું માત્ર મારી પુત્રીને શ્રેષ્ઠ આપવામાં જ માનું છું. હું મારી દીકરીને કેવી રીતે ઉછેરીશ તે મારા પર નિર્ભર છે. હું તેની આસપાસના વાતાવરણને સકારાત્મક રાખવાનો પ્રયત્ન કરું છું.

# આલિયા નથી ઈચ્છતી કે તેની જેમ રાહા નાની ઉંમરે ઘર છોડીને નીકળે

એજન્સી દ્વારા

મુંબઈ, તા.૧૯

આલિયાએ પોતાની કરિયર માટે ૨૩ વર્ષની ઉંમરે પોતાના પેરેન્ટ્સનું ઘર છોડીને એકલાં રહેવાનું શરૂ કર્યું હતું. તાજેતરમાં જ આલિયાએ કહ્યું કે, તે નથી ઈચ્છતી કે રાહા તેની જેમ વહેલાં પૅરેન્ટ્સનું ઘર છોડી દે. એક ઈન્ટર્વ્યુમાં આલિયા અને તેની માતા સોની રાઝદાન સાથે હાજર રહી હતી. આ ઈન્ટરવ્યૂમાં આલિયાએ કહ્યું કે, ''મેં ઘર છોડ્યું ત્યારે હું માંડ ૨૩ વર્ષની હોઈશ. હું ઘણી વખત લાંબા શુટિંગ શેડ્યુલ માટે ઘરથી દૂર રહેતી હતી અને તેમને ખ્યાલ પણ ન હોતો કે હું કયા શહેરમાં છું. હવે હું જ્યારે યાદ કરું છું તો મને સમજાય છે કે નાની ઉંમરમાં મને આ રીતે આઝાદી આપી એ કેટલું કૂલ હતું. તેનાથી મને મારા પગ પર ઊભાં થવામાં ઘણી મદદ મળી.''

આગળ આલિયાએ કહ્યું કે, ''મારા જીવન અને અમારા સંબંધમાં એક સમય એવો હતો, જેણે સમગ્ર જીવનની દિશા બદલી નાખી. છતાં મને ક્યારેક લાગે છે કે મેં બહુ વહેલાં ઘર છોડી દીધું હતું અને હું રાહા સાથે એવું નહીં થવા દઉં.'' જોકે, આલિયાના પિતા મહેશ ભટ્ટ ઈચ્છે છે કે, રાહા જાતે જ પડીને ઊભી થાય અને પોતાની ભૂલોમાંથી શીખે.

''પપ્પાએ મને હમણાં જ કહ્યુઃ 'જો તું રાહાને પડવા નહીં દે તો એ તારી સૌથી મોટી ભૂલ હશે કારણ કે નહીંતર તે પછી ક્યારેય પોતાની જાતને સંભાળતા શીખી શકશે નહીં.'' આલિયા જ્યારે પ્રેગનન્ટ હતી ત્યારે તે પોતાની હોલિવૂડ ડેબ્યુ ફિલ્મ 'હાર્ટ ઓફ સ્ટોન' માટે કામ કરી રહી હતી. આ અંગે વધુ વાત કરતાં આલિયાએ જણાવ્યું કે, ''જ્યારે હું પ્રેગનન્ટ હતી અને લંડનમાં 'હાર્ટ ઓફ સ્ટોન' માટે શૂટિંગ કરી રહી હતી ત્યારે હું ત્રણ રાત સુધી ઊંઘી શકી નહોતી. મને લાગતું હતું કે, હું કદાચ બહુ ખરાબ દીકરી છું, ખબર નહીં એ હોર્મોનલ ચેન્જના કારણે હતું કે શું કારણ હતું. પરંતુ મને યાદ છે કે હું પ્રેમ, કાળજી, જવાબદારી અને ચિંતાના વિચારમાં જ બહુ ભાવુક થઈ જતી હતી .

### ધોનીની પાછળ-પાછળ ગયો કોહલી

# પરાજય બાદ ધોનીએ RCBની ટીમ સાથે હાથ ન મિલાવ્યો

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૧૯

શું રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની મેચ ધોનીની આઈપીએલમાં છેલ્લી મેચ હતી? ક્રિકેટ જગતને આશા છે કે આવું નહીં થાય.

ધોની પણ ઈચ્છતો હતો કે સીએસકે તેની સિગ્નેચર સ્ટાઈલમાં મેચ પૂરી કરીને પ્લેઓફ માટે ક્વોલિફાય થાય. ૨૦મી ઓવરના પ્રથમ બોલ પર ધોનીએ સિક્સર ફટકારી હતી, પરંતુ યશ દયાલે તેને આગલા બોલ પર જ ફસાવી દીધો. **RCB** માત્ર મેચ જીતવામાં સફળ રહ્યું ન હતું, પરંતુ પ્લેઓફ માટે પણ ક્વોલિફાય થયું હતું.

હવે મેચ પુરી થયા પછીની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જ્યાં ધોની વિરોધી ટીમ **RCB**ના ખેલાડીઓ સાથે હેન્ડશેક છોડીને ડ્રેસિંગ રૂમમાં પાછો ફરતો જોવા મળે છે. ધોનીએ આખી સિઝન દરમિયાન ઈજાગ્રસ્ત ઘૂંટણ સાથે રમવાનું ચાલુ રાખ્યું અને મેચ પહેલા ઈન્જેક્શન લીધા. તેણે આઈપીએલમાં કેટલીક સારી ઈનિંગ્સ રમી અનu **CSK**ને જીતવામાં મદદ કરી, પરંતુ કરો યા મરો મેચમાં પોતાનું શાનદાર આપી શક્યો નહીં. મેચ પુરી થયા બાદ સીએસકેની આખી ટીમ ડગઆઉટમાંથી લાઈનમાં ઊભી હતી અને મેદાન તરફ આગળ વધી રહી હતી. મહેન્દ્ર સિંહ ધોની સૌથી આગળ હતો, પરંતુ આરસીબીના ખેલાડીઓ તેમની ઉજવણીમાં મગ્ન હતા. આવી સ્થિતિમાં, યલો સેનાએ હાથ મિલાવવા માટે થોડો સમય રાહ જોવી પડી. જો કે, થોડો સમય રોકાયા પછી માહી ડ્રેસિંગ રૂમમાં પાછા ફરવાનું નક્કી કરે છે.પાછા ફરતી વખતે થાલાએ આરસીબીના સપોર્ટ સ્ટાફના સભ્યો અને બેન્ચના કેટલાક ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા હતા. અન્ય એક વીડિયોમાં જોઈ શકાય છે કે ધોનીને મેદાનમાં ગાયબ જોઈને વિરાટ કોહલી તેને ફોલો કરે છે અને તેને મળવા ડ્રેસિંગ રૂમમાં જાય છે. ધોનીએ આરસીબીના કોઈપણ ખેલાડી સાથે હાથ ન મિલાવવાનો મામલો વિવાદનું રૂપ લઈ રહ્યો છે. કોમેન્ટેટર્સ અને ભૂતપૂર્વ ક્રિકેટરો આ અંગે પોતાનો અભિપ્રાય આપી રહ્યા છે.

હર્ષા ભોગલેએ કહ્યું, 'મેં આવી વસ્તુઓ જોઈ છે. તમે વર્લ્ડ કપની ફાઈનલ રમી અને ત્યારબાદ પોતાના ઈમોશંસ દેખાડ્યા, પરંતુ તેમ છતાં તમામ ખેલાડીઓએ હાથ મિલાવ્યા. હાથ મિલાવવો એ આપણી રમતમાં સૌથી મહાન ચીજ છે, તે દર્શાવે છે કે આપણી લડાઈ પુરી થઈ ગઈ છે અને આ માત્ર એક મેચ છે અને જાઓ હાથ મિલાવો.

"રાજ્યના નાગરિકોને શુદ્ધ-સલામત ખાદ્ય ચીજ વસ્તુઓ મળી રહે તે માટે રાજ્ય સરકારના પ્રયત્નો

# ખેડામાં કોકાકોલા કંપનીને RAC દ્વારા ૧૫ લાખ નો દંડ : ફ્રોજન ઓરંજ પલ્પના નમુના ૨૦૨૨માં મિસબ્રાન્ડ જાહેર થયા હતા

પ્રતિનિધિ દ્વારા

ખેડા,તા.૧૯

કમિશનર ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકો ની જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. રાજ્યમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી કાયદાનું ભંગ કરતાં તત્વો સામે કાયદાકિય કાર્યવાહી કરવામાં આવે છે.ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, નડિયાદ કચેરીને મુ. ગોબલજ, તા. ખેડા જિ. ખેડા ખાતે તા. ૧૪-૦૬-૨૦૨૨ ના રોજ રૂટીન તપાસ દરમિયાન લેબલીંગ ની મિસ્ટેકવાળા ઈમ્પોટેડ ફ્રોઝન ઓરેંજ પલ્પ ના સ્ટોરેજ પેઢી કોલ્ડ મેન લોજીસ્ટીક પ્રા. લી. ને. હાઈવે નં. ૮, મુ. પો. બીડજ તા જી. ખેડામાં પેઢી હિન્દુસ્તાન કોકા-કોલા બેવરેજીસ પ્રા. લી., મુ. ગોબલેજ તા. માતર જી. ખેડા નો ઈમ્પોર્ટ કરાયેલા ઈનગ્રેડીયેન્ટસ (ફ્રોઝન ઓરેન્જ પલ્પ-પીસ રીવર બ્રાંડ- ૨૦ કિગ્રા. પેક બોક્સ ઠ ૪૦૦ બોક્સ = ૮૦૦૦ કિગ્રા) નો જથ્થો સંગ્રહ થયેલ છે તેવુ જોવા મળેલ. નડિયાદ-ખેડા કચેરી ના ડેઝીગ્નેટેડ ઓફિસર અને ફુડ સેફટી ઓફિસરો દ્વારા સંયુક્ત પણે સફળ રેડ કરી શંકાસ્પદ ખાદ્ય પદાર્થના નમુના લેવાની કામગીરી કરવામાં આવેલ હતી. જે અન્વયે, મે. હિન્દુસ્તાન કોકા-કોલા બેવરેજીસ પ્રા. લી. નામની પેઢીના નોમીની અભિષેક પ્રેમપ્રકાશ અગ્રવાલ ની હાજરીમાં નમુનો લેવામાં આવેલ હતો. આ અંતર્ગત આશરે ૮૦૦૦ કિલોગ્રામ નો જથ્થો કે જેની અંદાજીત કિંમત રૂ.૧૧ લાખ થાય છે, તે શંકાસ્પદ જથ્થો સ્થળ ઉપર કાયદા મુજબ જપ્ત કરવામાં આવેલ હતો. આ નમૂનો ફુડ એનાલીસ્ટ શ્રી, ભુજ ને નિયમાનુસાર ચકાસણી અર્થે મોકલી આપવામાં આવેલ જે તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ મીસબ્રાન્ડેડ જાહેર કરવામાં આવેલ.

સદર બાબતે કેસ ને લગતી તમામ માહિતી મેળવી તા. ૦૪/૧૧/૨૦૨૩ના રોજ એડ્જ્યુડીકેટીંગ ઓફિસર શ્રી, ખેડા (નડિયાદ) સમક્ષ ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા કુલ પાંચ ઈસમો સામે ફરિયાદ દાખલ કરવામાં આવેલ, જે બાબતે તાજેતરમાં એડ્જ્યુડીકેશન ઓફિસર શ્રી દ્વારા ગુના ની ગંભીરતા ને ધ્યાને લેતા તમામે તમામ પાંચે ઈસમોને કાયદાની જોગવાઈ મુજબ મહત્તમ દંડ કરવામાં આવેલ જે કુલ દંડ રૂ. ૧૫,૦૦,૦૦૦/- (રૂપિયા પંદર લાખ) નો કરેલ છે. વધુમાં સદર પેઢી દ્વારા અગાઉ વર્ષ ૨૦૨૧ માં પણ આ પ્રકારની ગુનો કરતા ફરિયાદ દાખલ કરવામાં આવેલ, જે અંગે પણ તેઓને એડ્જ્યુડીકેશન ઓફિસર દ્વારા તા. ૩૧/૧૨/૨૦૨૧ ના હુકમથી કુલ ૮ લાખનો દંડ કરવામાં આવેલ હતો.

આજ દિન સુધી માં સબસ્ટાન્ડર્ડ/મિસબ્રાંડેડ જાહેર થયેલા ખાદ્યપદાર્થના નમુના માં રૂ ૩૭ કરોડ થી પણ વધુનો દંડ રાજ્યના વિવિધ જીલ્લાના એડ્જ્યુડીકેશન ઓફિસર શ્રી દ્વારા જે તે ખોરાક વિક્રેતા/ઉત્પાદકોને ફટકારવામાં આવેલ છે તેમ કમિશનર ઓફ ફુડ સેફ્ટી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે.

# અમદાવાદ એરપોર્ટ પર પેસેન્જર્સનો ધસારો વધતા નવું ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બનાવાશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૧૯

અમદાવાદ એરપોર્ટ પર આગામી વર્ષ સુધીમાં પેસેન્જર્સની અવર જવરની સંખ્યા બમણી થઈ જશે. અત્યારે ૧ કરોડ પેસેન્જરની અવર જવર થતી હોય તેવા ડેટા મળ્યા છે જે વધીને આગામી વર્ષોમાં ૨ વર્ષ થવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઓપરેટર્સ આ માટે માર્ગ મોકળો કરી રહ્યા છે અને ડોમેસ્ટિક તથા ઈન્ટરનેશનલ એમ જોવા જઈએ તો બંને ડેસ્ટિનેશન પર તેઓ આ પ્લાન અપ્લાય કરી શકે છે.

બોર્ડિંગ ગેટ સુધી પહોંચવા માટે આ સુવિધા ઉપલબ્ધ થતા જ પેસેન્જર્સ મલ્ટિપલ ગેટ્સતી એન્ટ્રી કરી શકે છે. અત્યારે ચેક ઈન કાઉન્ટર પર લાગતી લાંબી લાઈનો અને જે વેઈટિંગ ટાઈમ છે તેને જોતા આ નિર્ણય પેસેન્જર્સની લાંબી લાઈનો ઘટાડી દેશે. વળી બધી જ સિસ્ટમ ઓટોમેટિક થઈ જવા આવી છે અને બીજી બાજુ જે પેસેન્જર્સ છે તેમને આગામી સમયમાં ફુલ બોડી સ્કેનરથી પણ ચેકિંગ થશે. આ તમામ સુવિધાઓથી સજ્જ અમદાવાદ એરપોર્ટ ભવિષ્યમાં એટલે કે આગામી વર્ષ ૨૦૨૬ સુધીમાં તેની કાયાપલટ થઈ જશે.

અદાણી અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડે આ માટે ૩,૧૩૦ કરોડનું બજેટ ફાળવ્યું છે. જેનાથી ન્યૂ ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડિંગ ફાઈનાન્શિયલ યર ૨૦૨૬ સુધીમાં બનીને તૈયાર થઈ જાય એવું પ્લાનિંગ કરાયું છે. NITB માટે માર્ગ બનાવવા માટે ગુજસેલ ટર્મિનલને અલગ જગ્યાએ ખસેડવામાં આવશે. "T1 અને T2 હાલમાં લગભગ ૧ કરોડ મુસાફરોને સમાવવાની સંયુક્ત ક્ષમતા ધરાવે છે. NITB પાસે તેની વિશાળ જગ્યા, મોટી બેઠક ક્ષમતા અને કડક સુરક્ષા હોલ્ડ વિસ્તાર સાથે ૨ કરોડ મુસાફરોને સમાવવાની ક્ષમતા હશે તેમાં ખાણીપીણી, આરામ અને મનોરંજનની ફેસિલિટીઝ અને ઓછામાં ઓછા ૧૦ એરોબ્રિજ સાથે વધુ બોર્ડિંગ ગેટ હશે એવી માહિતી સૂત્રો દ્વારા પ્રાપ્ત થઈ રહી છે.

એક મુસાફરને બોર્ડિંગ ગેટ સુધી પહોંચવા માટે - ૧૨ મિનિટ જેટલો ઓછો સમય - સંચિત થાય તે સુનિશ્ચિત કરવા NITB ડિજીયાત્રાનો પણ અમલ કરશે. જોકે આનું બાંધકામ પણ તબક્કાવાર થશે. તેવામાં એકવાર સુવિધા કાર્યરત થઈ જાય પછી, NITBના વધુ વિસ્તરણ માટે હાલના સ્થાનિક ટર્મિનલ (T1)ને તોડી પાડવામાં આવશે." આનો અર્થ એ થયો કે આવનારા વર્ષોમાં પેસેન્જર ટ્રાફિક લગભગ ૮૦% વધશે.

નજીકના સૂત્રોએ જણાવ્યું કે, "અમે આગામી વર્ષોમાં SVPI એરપોર્ટ પર મુસાફરોની સંખ્યામાં બે ગણો વધારો થવાનો અંદાજ લગાવીએ છીએ. પરિણામે, એક નવું ટર્મિનલ બનાવવાની જરૂર છે જે પેસેન્જર હેન્ડલિંગની જરૂરિયાતોને પહોંચી વળશે."

સાત શહેરમાં હવામાન વિભાગે હીટવેવની આગાહી

# ગાંધીનગર, અમદાવાદમાં પાંચ દિવસનું ઓરેન્જ એલર્ટ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૧૯

હવામાન વિભાગે કાળજાળ ગરમીને લઈને આગાહી કરી છે. હવામન વિભાગે રાજ્યમાં અનેક વિસ્તારોમાં ઓરેન્જ અને યલો એલર્ટની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ માટે અનેક વિસ્તારોમાં ગરમીનું એલર્ટ અપાયું છે. રાજ્યભરમાં બપોરે બહાર નીકળ્યા તો શેકાવાનું નક્કી છે. દિવસે બિનજરૂરી બહાર ન નીકળવાની સલાહ હવમાન વિભાગે આપી છે.

આગામી અઠવાડિયામાં અનેક વિસ્તારોમાં હીટવેવની આશંકા છે. રાજ્યમાં હાલના તાપમાનની વાત કરીએ તો, અમદાવાદ, ગાંધીનગરમાં ૪૪.૫ ડિગ્રી તાપમાન, ડીસા, બનાસકાંઠામાં ૪૫ ડિગ્રીથી વધુ તાપમાન, રાજકોટ, સુરેન્દ્રનગરમાં ૪૪.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

રાજ્યના સાત શહેરોમાં હવામાન વિભાગે હીટવેવની આગાહી કરી છે. જેમાં કચ્છ, જૂનાગઢ, ભાવનગર, બનાસકાંઠામાં પણ હીટવેવની આગાહી કરવામાં આવી છે. ગાંધીનગર,અમદાવાદમાં પાંચ દિવસનું ઓરેન્જ એલર્ટ અપાયું છે. તો કચ્છ, રાજકોટ,પોરબંદર,ભાવનગરમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. સુરેન્દ્રનગર,અમરેલીમાં ગરમીનું યલો એલર્ટ અપાયું છે. તાપમાનનો પારો એકથી બે ડિગ્રી વધી શકે છે. અમદાવાદ,ગાંધીનગરમાં પાંચ દિવસ ૪૫ ડિગ્રી સુધી તાપમાન રહેશે.

રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૪૪ને પાર કરી ગયું છે. ધોળકા, નડીયાદમાં તાપમાનનો પારો ૪૫ને પાર થયો છે. સુરેન્દ્રનગર, ડીસામાં તાપમાન નો પારો ૪૫ ડિગ્રીને પાર થયો છે.

બહાર જતી વખતે પાણીની બોટલ સાથે રાખવી. આ ઉપરાંત પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવુ જોઈએ. પાણી, લીંબુ શરબત, છાશ, નાળિયેર પાણી પીતા રહેવુ જોઈએ.

તાજા ફળો અને શાકભાજી ખાવા જોઈએ. તીખુ ખાવાનું ટાળો, વાસી ખોરાક લેવાનું ટાળો. ચા, કોફી,સોડાવાળા પીણા પર નિયંત્રણ રાખો. લાંબા સમય સુધી તડકામાં ન રહેવુ. આચ્છા રંગના તેમજ ઢીલા સુતરાઉ કપડા પહેરવા જોઈએ.ચોમાસાના આગમન પહેલા વધુ એક વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે.

પાંચ દિવસ બાદ બંગાળની ખાડીમાં સાયક્લોનિક સ્ટોર્મની શક્યતા છે. જેની ગુજરાતને પણ આંશિક રીતે અસર થવાની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડીમાં ૨૨ મે આસપાસ લો પ્રેસર સર્જાશે અને ૨૪ મેની આસપાસ બંગાળની ખાડીની મધ્યમાં તે ડીપ્રેશનમાં ફરેવાય તેવી શક્યતા છે. જો આ વાવાઝોડું શક્તિશાળી બને અને ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધે તો ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૨૭ મે આસપાસ ભારે વરસાદની સંભાવના વ્યકત કરવામાં આવી છે.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના દરેક જિલ્લાઓમાં કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને ગરમી સંબંધિત બિમારીઓ વધી ગઈ છે.

શુદ્ધ ખાદ્ય ચીજવસ્તુઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ

# બોડેલી છોટાઉદેપુર ખાતે મરચા પાવડરમાં કલર અને ઓલીયો રેઝીનની ભેળસેળ કરતી ફેક્ટરીનો પર્દાફાશ



પ્રતિનિધિ દ્વારા

બોડેલી,તા.૧૯

કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોની જીવનજરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટીબદ્ધ છે. રાજ્યમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. કોશિયા એ ઉમેર્યુંકે, તાજેતરમાં ગાંધીનગરની ફૂડ ટીમ તથા છોટા ઉદેપુર જિલ્લાની ફૂડ ટીમ દ્વારા હલકી કક્ષાનાં મરચાં પાવડરમાં અખાદ્ય કલર તથા ઓલીયો રેઝીનની થતી ભેળસેળ નું કૌભાંડ પકડી પાડેલ છે. સદર કૌભાંડ આચરનાર વેપારી ખત્રી મયુદ્દીનભાઈ નુરમોહંમદભાઈ ફૂડ સેફ્ટી પરવાનો મેળવ્યા વગર સર્વે નં-૪૩/૨ પૈકી ૧ વાળી જમીનમાંથી ૨૫૦૦ ચોરસ ફૂટમાં તૈયાર કરેલ શેડ (કારખાનું), મુ. જોજવા, તાઃ બોડેલી, જીઃ છોટા ઉદેપુર ની પ્રાથમિક તપાસ દરમિયાન સ્થળ ઉપર મરચાં પાવડરનું ઉત્પાદન થતુ જોવા મળી આવેલ હતું.

આ પેઢી માં સઘન તપાસ હાથ ધરતા મરચા પાવડરમાં અખાધ્ય કલર તથા ઓલીયો રેઝીનની થતી ભેળસેળ થતી હોવાનું પ્રથમિક દ્રષ્ટીએ માલુમ પડેલ હતું. તપાસ દરમિયાન સ્થળ પર "અખાધ્ય લાલ કલર "નો ૨૫ કિલોગ્રામ જથ્થો તથા **"Capsicum Oleoresin"** નો ૦૯ કિલોગ્રામ જથ્થો સ્થળ પર જ હાજર સ્ટોક માં પકડી પાડેલ છે. વેપારી ધ્વારા મરચાં પાવડર એક્સ્ટ્રા હોટ તેજા મરચું અને કાશમીરી કુમઠી (મોળુ મરચું ) લેબલથી પેક કરતા હતા જેના પર કાયદા મુજબ બેચ નમ્બર, પેકીંગ તારીખ, ઉત્પાદકનું સરનામું કે અન્ય કોઈ માહિતી છાપેલ ન હતી, તથા લૂઝમાં મરચા પાવડરનો જથ્થો માનવ વપરાશ અર્થે તૈયાર કરી સંગ્રહ કરેલ હતો, વધુમાં સ્થળ પરથી કાશ્મીરી કુમઠી (મોળુ મરચુ) (પેક)-૦૧, એક્સ્ટ્રા હોટ તેજા મરચું પેક-૦૧, ખાડેલુ મરચું પાવડર-૦૧, મરચા પાવડર-૦૧, **Capsicum Oleoresin 10%os-(Adulterant use in chilli Powder)- 01,** અને **Red colour (adulterant used in chilli powder)-01** મળીને કુલ-૦૬ કાયદેસરના નમૂનાઓ લઈ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપેલ છે જ્યારે બાકીનો આશરે ૪૦૨૭ કિલોગ્રામ જથ્થો જેની અંદાજીત કિંમત રૂ. ૬,૨૦,૦૦૦/- (અંકે રૂ. છ લાખ વીસ હજાર પુરા) થવા જાય છે તે જથ્થો કાયદા મુજબ જપ્ત કરવામાં આવેલ છે.

આ ખાદ્ય પદાર્થો બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથ્થકરણ અહેવાલ આવ્યા બાદ કાયદેસરની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ બાબતમાં આગળની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.

તપાસ કરતા ખૂલ્યો મોટો કાંડ

# પાટણમાં ચાની લારીવાળાને ૪૯ કરોડનો ટેક્સ ભરવાની આવી નોટિસ

પ્રતિનિધિ દ્વારા

પાટણ, તા.૧૯

ગુજરાતના પાટણ શહેરમાં માનવામાં ન આવે તેવી ઘટના બની છે. પાટણ શહેરના માર્કેટ યાર્ડમાં ચાની કીટલીનો વ્યવસાય કરતા વ્યક્તિને ઈન્કમટેક્સ વિભાગ દ્વારા રૂપિયા ૪૯ કરોડનો ટેક્સ અને પેનલ્ટી ભરવાનો નોટિસ આપી છે. જેને લઈ ચાની કીટલી ચલાવનાર વ્યક્તિના હોંશ કોંશ ઉડી ગયા છે. આ અંગે ચાની કીટલી ચલાવતા વ્યક્તિ દ્વારા બે ઈસમો વિરુદ્ધ પાટણ શહેર બી ડીવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા હડકંપ મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાટણ શહેરમાં આવેલ માર્કેટ યાર્ડમાં ખેમરાજભાઈ દવે ચાની કીટલીનો વ્યવસાય કરી પરિવારનું પેટિયુ રળે છે. રળતા ફરિયાદી ખેમરાજ ભાઈ દવે છેલ્લા સત્તર વર્ષથી આ વ્યવસાય કરે છે અને માર્કેટ યાર્ડના અનેક વેપારીઓના ત્યાં તેમની ચા જતી હોઈ સબંધો પણ સારા રહ્યાં છે. ત્યારે આ યાર્ડમાં આવેલ એક પેઢીના મલિક અલ્પેશ પટેલ તેમજ તેમના ભાઈ વિપુલ પટેલ બંને ભાઈઓ આ ખેમરાજભાઈના સંપર્કમાં આવ્યા હતા.

ખેમરાજભાઈને પાન કાર્ડ કઢાવવાનું હોઈ તેના માટે શું કરવું પડે તે અંગે પટેલ અલ્પેશ અને તેમના ભાઈ વિપુલ પટેલની સલાહ માંગી હતી. ત્યારે બંને ભાઈઓએ તેનો બદ ઈરાદો પાર પાડવા અને કાવતરું રચી ખેમરાજભાઈ પાસેથી આધાર કાર્ડ, રેશન કાર્ડ, ફોટા વગેરે મંગાવ્યા હતા. આ તમામ દસ્તાવેજ ખોટા ઉભા કરી ખેમરાજ ભાઈની જાણ બહાર શહેરની વિવિધ બેંકોમાં ખાતા ખોલાવ્યા હતા.

વર્ષ ૨૦૧૪ - ૧૫ અને વર્ષ ૨૦૧૫ - ૧૬ માં અપ્રમાણસર કરોડો રૂપિયા નાણાંકીય લેવડ દેવડ કરી હોઈ જે અંગે વર્ષ ૨૦૨૩ અને ત્યાર બદ વર્ષ ૨૦૨૪માં એમ બે વખત ઈન્કમટેક્સ વિભાગ દ્વારા ટેક્સ તેમજ પેનલ્ટી મળી કુળ રૂપિયા ૪૯ કરોડની નોટિસ ખેમરાજભાઈને મોકલવામાં આવી હતી. જે અંગે અલ્પેશ પટેલને જાણ પણ કરવામાં આવી હતી. પણ આ સમગ્ર બાબત દાબી દેવામાં આવતા છેવટે ખેમરાજભાઈએ અલ્પેશ પટેલ અને વિપુલ પટેલ વિરુદ્ધ પાટણ શહેર બી ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ વિભાગ આ કારણે પણ દોડતું થયું છે. તો ચાની કીટલી ધરવાતા વ્યક્તિને ઈન્કમટેક્સ દ્વારા રૂપિયા ૪૯ કરોડની નોટિસ આપતા સમગ્ર શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યો છે. હાલના સમયમાં કોઈ પણ અજાણી વ્યક્તિને આધાર કાર્ડ, પાનકાર્ડ, રાશનકાર્ડ વગેરે આપતા પહેલા સો વાર વિચાર કરવો પડે તે પ્રકારનો કિસ્સો આજે પાટણ શહેરમાં પ્રકાશમાં આવવા પામ્યો છે.

બનાસકાંઠા વહીવટી તંત્રનો એક્શન પ્લાન તૈયાર

# ચોમાસાને લઈ પ્રિમોન્સૂન બેઠકનું આયોજન કરાયું

પ્રતિનિધિ દ્વારા

પાલનપુર, તા.૧૯

ચોમાસુ હવે ટૂંક સમયમાં જ દસ્તક દેશે અને કમોસમી વરસાદની પણ આગાહી છે. ત્યારે બનાસકાંઠા વહીવટી તંત્ર અને પાલનપુર નગરપાલિકાએ પ્રિમોન્સૂન પ્લાનને લઈને એક્શન પ્લાન તૈયાર કર્યો છે. પરંતુ અત્યારે પાલનપુર અને બનાસકાંઠા ની સ્થિતિ એવી છે કે જો કમોસમી વરસાદ વધુ આવે તો નાગરિકો માટે ખૂબ જ મુશ્કેલી ઉભી થાય. ત્યારે નાગરિકોનું કહેવું છે કે દર વર્ષે પ્રિમોન્સૂન પ્લાન માત્ર કાગળ પર હોય છે અને જેના લીધે ચોમાસાની મુશ્કેલીઓ સર્જાય છે. તો આ ચોમાસા માટે તંત્ર દ્વારા અગમચેતીના પગલાના ભાગરૂપે પ્લાન તૈયાર કરી અને હાલાકી ન પડે તેવું કરવું જોઈએ. જિલ્લા ક્લેકટર દ્વારા આ માટે પ્રિમોન્સૂન પ્લાન પણ તૈયાર કરવામાં આવ્યો છે. આગામી ચોમાસાને લઈને વહીવટી તંત્ર દ્વારા એક્શન પ્લાન તૈયાર કર્યો છે. ખાસ કરીને બનાસકાંઠામાં ૨૦૧૭ ના પુર ની સ્થિતિ ને ધ્યાને રાખી અને કંટ્રોલ રૂમ શરૂ કરાય છે. ડીઝાસ્ટર વિભાગને પણ ખાસ સુચના અપાઈ છે. તેમજ તાલુકા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીઓને પણ દરેક તાલુકામાં ચોમાસાની પરિસ્થિતિને ધ્યાને રાખી અને સૂચનાઓ અપાઈ છે. ચોમાસામાં વધુ વરસાદ પડે અને પાણી ભરાય અથવા તો કોઈ અનહોની થાય તેના માટે તંત્ર દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ કરાવી દીધી છે. જોકે પાલનપુર નગરપાલિકા દ્વારા પણ પાલનપુર શહેરમાં નદી નાળા અને ગટરોની સફાઈ નું અભિયાન હાથ ધરવામાં આવનાર છે. જ્યારે લડબી નદીના વહેણ સફાઈ કરી અને ત્યાં પાણીનો નિકાલ થાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવશે. આગામી અઠવાડિયામાં પાલનપુર પાલિકા દ્વારા ચોમાસાના પ્રિમોન્સુન પ્લાનને લઈને તમામ કામગીરી હાથ ધરાનાર છે. મહત્વની વાત એ છે કે કમોસમી વરસાદની આગાહી છે સાથે સાથે લોકોનું કહેવું છે કે, દર વર્ષે પ્રિમોનસુન પ્લાન માત્ર કાગળ પર હોય છે અને કોઈપણ નક્કર કામગીરી ન થવાથી નાગરિકોને મુશ્કેલીઓ ભોગવવાનો વારો આવે છે. ચોમાસામાં વધું પાણી આવે છે પાણીના ભરાવાથી લોકોની ઘરવખરી પણ બગડી જાય છે . અનેકવાર લોકો ઘર વિહોણા પણ થાય છે ત્યારે નદી નાળા ની સફાઈ ના હજુ સુધી તો કોઈ ઠેકાણા નથી. ચોમાસા પહેલા લોકો ઈચ્છે છે કે પાલનપુર નગરપાલિકા દ્વારા ચોમાસાની ધ્યાને રાખી અને કોઈ નક્કર કાર્યવાહી થાય તો મુશ્કેલીઓ ન ભોગવી પડે.

ડ્રાઈવિંગ ટ્રેક પર ૧૮ કેમેરા રહેશે

# રાજ્યની તમામ RTOમાં હવે AI વીડિયો એનાલિસિસ ડ્રાઈવિંગ ટેસ્ટ

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત રાજ્યની દરેક આરટીઓ કચેરીમાં હવે ડ્રાઈવિંગ ટેસ્ટ માટે એઆઈ વીડિયો એનાલિસિસ કરવામાં આવશે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ડ્રાઈવિંગ લાઈસન્સની સમસ્યાને લઈને વારંવાર ટેક્નોલોજીની ખામીના કારણે ટેસ્ટ આપનાર નાપાસ થતા હોય તેવું બન્યું હતું જેમાં ગ્રાઉન્ડ સેન્સર બેઝ્ડ ટેકનોલોજીનો ઉપયોગ જોઈએ તેટલો સફળકારક નહીં રહેતા હવે વીડિયો અને એનાલિટિક ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. હાલ આ ટેકનોલોજીનો ઉપયોગ દિલ્હી, પુણે અને ચંદીગઢ જેવા શહેરોમાં થઈ રહ્યો છે. જેનો હવે ગુજરાતની તમામ આરટીઓ કચેરીમાં અમલ કરાશે. જેના માટે ડ્રાઈવિંગ ટ્રેક પર ૧૮ કેમેરા રહેશે અને તેના પર રિવર્સ મુવમેન્ટ પણ જોઈ શકાશે.

રાજ્યમાં છેલ્લા ઘણાં સમયથી ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ રહેવાના કિસ્સાઓ અવારનવાર સાંભળવા મળે છે. આરટીઓમાં વાહન ટેસ્ટ આપવા આવતાં લોકોને સર્વરમાં ખામીને કારણે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. હાલમાં ડ્રાઈવિંગ ટેસ્ટ માટે 'ગ્રાઉન્ડ સેન્સર્સ બેઝ્ડ ટેકનોલોજી' ઉપયોગમાં લેવાય છે. પરંતુ હવે 'વીડિયો એનાલિટિક ટેકનોલોજી' ઉપયોગમાં લેવાશે. હાલમાં લોકોને ટેકનોલોજીમાં ખામીને કારણે નાપાસ કરાય છે.

ગ્રાઉન્ડ સેન્સર્સ બગડી જાય તો પણ ટ્રેકની કામગીરી બંધ રહેતી હોય છે, ટેસ્ટમાં એન્ટ્રી બાદ અધવચ્ચેથી જ સર્વર બંધ થઈ જતાં નાપાસ ગણી ફરી ટેસ્ટ આપવા બોલાવાય છે.હાલમાં જે ટેકનોલોજી છે તેમાં ફોરવર્ડ ડાયરેક્શનમાં જ જોઈ શકાય છે.

રિવર્સ ડાયરેક્શન ડિટેક્ટ થતું નથી, પરંતુ હવે નવી ટેકનોલોજીમાં વ્હિકલની દરેક મૂવમેન્ટ્સ ડિટેક્ટ થશે.હાલ દેશના દિલ્હી, પૂણે, ચંદીગઢ વગેરે જેવા શહેરોમાં આ ટેકનોલોજી કાર્યરત છે. આ નવી એઆઈ ટેકનોલોજી માટે ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા પરંતુ રાજ્યમાં ચૂંટણીની આચાર સંહિતાના કારણે આ કામગીરી થઈ શકી નથી.

ચૂંટણીની આચાર સહિતા પૂરી થતાને સાથે રાજ્યની તમામ આરટીઓ કચેરી માટે વર્ક ઓર્ડર આપી દેવાશે અને ટૂંક સમયમાં જ આ નવી ટેકનોલોજી સાથે ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાની કામગીરી શરૂ કરાશે.

# અમદાવાદમાં હીટવેવના કારણે લૂ, ઝાડા ઉલ્ટીના કેસમાં વધારો

અમદાવાદ, તા.૧૯

અમદાવાદમાં આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. આગ વરસાવતી ગરમી વચ્ચે સ્થાનિકો પરેશાન બન્યા છે. અમદાવાદમાં આજે મહત્તમ ૪૫ ડિગ્રીએ તાપમાનનો પારો પહોંચ્યો છે. તો ગરમી વધતી હીટવેવને કારણે લૂ લાગવાના અને ઝાડા- ઉલ્ટીના કેસમાં વધારો થયો છે. મે મહિનામાં ૧૮ દિવસોમાં અમદાવાદમાં ૧૦૮ને ૪ હજાર ૧૩૧ કોલ મળ્યા છે. કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં ૨૧૬ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. સૌથી વધુ ૮ મે ના ૧૦૮ને ૨૮૬ કોલ મળ્યા હતા.

રાજ્યવાસીઓને આગામી ૬ દિવસ તો ગરમીમાંથી કોઈ રાહત નહીં મળે. અમદાવાદમાં આજનું મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રીએ પહોંચ્યુ છે. ૨૦મી મેએ મહત્તમ પારો ૪૪ ડિગ્રીએ જઈ શકે છે. ૨૧ મે એ અમદાવાદમાં ૪૫ ડિગ્રી તાપમાન પહોંચી શકે છે. ૨૨ મે થી ૨૪ મે સુધી અમદાવાદમાં ૪૪ ડિગ્રી તાપમાન રહેવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આ તરફ હીટવેવને લઈને કૃષિમંત્રી રાઘવજી પટેલને જણાવ્યુ કે હીટવેવથી બચવા જરૂરી પગલા લેવા માટેની સૂચના આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવી છે. તથા તમામને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

આગામી શૈક્ષણિક સત્રથી ભણાવવા આયોજન

# ધોરણ ૬થી ૮માં શ્રીમદ ભગવત ગીતાના પાઠ ભણાવવા સરકાર તૈયાર

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર, તા.૧૯

શ્રીમદ ભગવદ ગીતાના પાઠ શિક્ષણમાં સામેલ કરવાની અગાઉ રાજ્ય સરકારે જાહેરાત કરી હતી. હવે એ જાહેરાતના અમલીકરણની દિશામાં રાજ્ય સરકારે કામગીરી પૂર્ણ કરી છે. આ જાહેરાતનો આગામી શૈક્ષણિક સત્રમાં સંપૂર્ણ અમલ જોવા મળશે.

ગુજરાત સરકાર દ્વારા આગામી શૈક્ષણિક સત્ર દરમિયાન તમામ વિદ્યાર્થીઓને સમયસર પુસ્તકો પહોંચાડવા માટેની કામગીરી પૂર્ણતાને આરે છે. ૩૦મી મે સુધીમાં શાળામાં પુસ્તકો પહોંચી જાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

ગુજરાતમાં નાનાથી માંડીને મોટા શહેરોમાં ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખીને નવી પેઢીને ટ્રાફિકના પાઠ ભણાવવા, તેમજ શ્રીમદ્ ભગવદ્ ગીતાનો તબક્કા વાર અભ્યાસક્રમ કરાવવાની દિશામાં સરકારે કામગીરી પૂર્ણ કરી દીધી છે.

સંસ્કૃત માધ્યમને પ્રોત્સાહન આપવા માટે ૬૦ જેટલી સંસ્કૃત પાઠશાળા શરૂ કરવામાં આવી છે. આ શૈક્ષણિક સત્રથી સંસ્કૃત માધ્યમના વિવિધ છ જેટલા નવા અભ્યાસક્રમ અમલી બનાવવામાં આવશે.

રાજ્યમાં જૂન મહિનામાં શાળા પ્રવેશોત્સવ યોજાય તે પહેલા રાજ્યની તમામ શાળાઓમાં પાઠ્યપુસ્તક સમયસર મળી રહે તે માટે થઈને અત્યારથી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

મે મહિનાના અંત સુધીમાં રાજ્યની શાળામાં ૫.૮૬ કરોડના પાઠ્યપુસ્તક પહોંચાડવામાં આવશે.

આગામી શૈક્ષણિક સત્રમાં ધોરણ ૧થી ૧૨માં ૧૬ જેટલી નવી ટેક્સ બુક દાખલ કરવામાં આવી છે. પ્રથમ વખત રોડ સેફ્ટી પ્રાકૃતિક, ખેતી, દ્વિભાષીય પાઠ્યપુસ્તકો તેમજ એનસીઆરટીના પાઠ્યપુસ્તકોનો સમાવેશ કરાયો છે. આ વખતે પ્રથમ વખત ધોરણ છથી આઠ ગુજરાતી માધ્યમમાં શ્રીમદ ભગવત ગીતાનો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે.

# સિહોરી- થરા હાઈવે પર ઈકો કાર આખલા સાથે અથડાઈ

પ્રતિનિધિ દ્વારા

બનાસકાંઠા, તા.૧૯

ગુજરાતમાં રખડતા ઢોરનો મુદ્દો ખૂબ ચર્ચામાં આવ્યો હતો. રાજ્યમાં નાના ગામડાથી મોટા શહેરો સુધી રખડતા ઢોરને કારણે અનેક લોકો ઈજાગ્રસ્ત થયાં છે અને જીવ પણ ગુમાવ્યો હોય તેવી ઘટનાઓ બની છે. શહેરો અને ગામડાઓમાં રખડતા આખલાઓનો આતંક પણ એટલો જ ખતરનાક સાબિત થઈ રહ્યો છે. ત્યારે બનાસકાંઠાના સિહોરી- થરા હાઈવે પર દોડી રહેલી ઈકો કાર આખલા સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં આખલો આગળના ભાગેથી કારમાં ઘૂસી ગયો હતો. જેમાં આખલાનું મોત થયું હતું અને ઈકો કારના ડ્રાઈવરને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતનાં દશ્યો જોઈ રાહદારીઓ પણ આશ્ચર્યમાં મુકાયા હતા. બનાસકાંઠા જિલ્લાના સિહોરી-થરા હાઈવે પર શિહોરી નજીક એક ઈકો કાર પસાર થઈ રહી હતી. ત્યારે સામેની તરફથી એક આખલો અચાનક આવી ચડ્યો હતો અને કૂદકો લગાવી કારની અંદર ઘૂસી ગયો હતો. વિચિત્ર અકસ્માતના કારણે કારનું પડીકું વળી ગયું હતું. ઈકો કારના આગળના ભાગે જ આખલો ટકરાયો હોવાથી ડ્રાઈવર કારની અંદર દબાઈ જતાં ગંભીર ઈજા પહોંચી હતી. તેને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે પાટણની ધારપુર સિવિલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યારે આખલાનું ગંભીર ઈજા થતાં કારમાં જ મોત થયું હતું.